સુવિચાર
પુરૂષ જ્ઞાનનું અને સ્ત્રી ભકિતનું પ્રતિક છે. ભકિત સામે જ્ઞાનને માથું ઝૂંકાવવું પડે છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૨/૦૫/૨૦૨૩, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ વૈશાખ વદ–૭ વર્ષ : ૧૫ અંક : ૧૨૬

## કામનાથ મંદિરથી શરૂ કરીને ગાયત્રી શકિતપીઠ થઈને ઠેબી જળાશય સુધી

# આનંદો : અમરેલીમાં રૂપિયા ૫૦ કરોડનાં ખર્ચે રિવરફ્રન્ટ બનાવાશે

**શહેરની મધ્યમાંથી પસાર થતી ઠેબી નદીનાં કાંઠા ઉપર વૃક્ષારોપણ, રોશની, બેસવાની ઉત્તમ વ્યવસ્થા ઉભી કરાશે**

**શહેરીજનોની વર્ષો જૂની ફરવાલાયક સ્થળની માંગ સરકારની મદદથી પૂર્ણ કરવામાં આવશે**

**આગામી દિવસોમાં ટેન્ડર પ્રક્રિયા શરૂ કરીને કોઈ ખાનગી એજન્સીને મહાકાય કામગીરી સોંપવામાં આવશે**

**શહેરનાં અન્ય વિસ્તારોમાં પણ આગામી દિવસોમાં વિકાસની હારમાળા સર્જાશે તેવા ઉજળા સંજોગો ઉભા થયા**



પ્રતિકાત્મક તસ્વીર

અમરેલી, તા. ૧૧

અમરેલીનાં શહેરીજનોએ તાજેતરમાં સંપન્ન થયેલ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપનાં યુવા ઉમેદવાર કૌશિક વેકરિયાને ખોબલે–ખોબલે મત આપીને વિજેતા બનાવ્યા અને રાજયમાં ભાજપનું શાસન પુનઃ સ્થપાતા તેના બદલામાં ભાજપ સરકાર શહેરીજનોની વર્ષો જુની ફરવાલાયક સ્થળોની માંગ સંતોષવા તૈયાર થઈ હોવાનું જાણવા મળેલ છે અને નાયબ દંડક કૌશિક વેકરિયા પણ આગામી પાંચ વર્ષમાં શહેરની કાયા પલટ કરવા દિવસ–રાત એક કરતાં જોવા મળી રહ્યાં છે.

અમરેલી શહેરમાંથી પસાર થતી ઠેબી નદી કાંઠે આગામી દિવસોમાં રૂપિયા ૫૦ કરોડનાં ખર્ચે રીવરફ્રન્ટ બનાવવાની તૈયારી શરૂ થઈ છે. જેમાં કામનાથ મંદિરથી શરૂ કરીને ગાયત્રી શકિતપીઠ અને ઠેબી જળાશય સુધી નદી કાંઠાની કાયાપલટ કરવામાં આવશે. જયાં વૃક્ષારોપણ, રોશનીનો ઝગમગાટ, બાળકો માટે લપસણી, હિંચકા, વૃધ્ધો માટે બેસવાનાં બાંકડા, ગાર્ડન, ફલાવર શો સહિતની સુવિધા ઉભી કરીને શહેરીજનોને ફરવાલાયક સ્થળની ભેટ આપવામાં આવશે.

તદઉપરાંત ચિતલ રોડ પર નાયરા પેટ્રોલ પંપ નજીક ગાર્ડન, કેરિયા રોડ ઉપર અટલ સરોવર તેમજ રાજમહેલ બિલ્ડીંગ અને સમગ્ર કેમ્પસની પણ કાયાપલટ થવાનાં

અનુસંધાન પાના ૬ ઉપર

## નેશનલ હાઇવે વિભાગ દ્વારા સર્કલ બનાવવામાં ન આવતા પરેશાની

# સાવરકુંડલાના ભુવા રોડ ચોકડી હાઇવે નજીક ૨ કાર સામસામે અથડાતા દોડાદોડી થઇ

**ટ્રાફિક પોલીસ અને ૧૦૮ની ટીમ ઘટના સ્થળે દોડી ગઇ**



સાવરકુંડલા, તા. ૧૧

સાવરકુંડલાના ભુવા રોડ ચોકડી હાઈવે નજીક બે કારનો ગમખ્વાર અકસ્માત સદ્ભાગ્ય જાનહાની ટળી. સાવરકુંડલાથી ભુવા તરફ જઈ રહેલી વરરાજાની કાર ભુવા રોડ ચોકડી પર આવેલા હાઈવેમાં અમરેલીથી જેસર તરફ જઈ રહેલી એક ફોરવ્હીલ કાર બંને સામસામે અથડાતા બંને કારના મોરા તૂટી ગયા અને સદ્ભાગ્ય કોઈને ઈજા નથી થઈ જોકે આ આ ગમખ્વાર અકસ્માત જોવા લોકોના ટોળા ભેગા થઈ ગયા હતા અને ફોરવીલની પરિસ્થિતિ જોતા મોટી જાનહાનિ થઈ હોય તેવું અનુમાન લોકો લગાવી રહ્યા છે.

સૌથી મહત્વની વાત એ છે

અનુસંધાન પાના ૬ ઉપર

## છેલ્લા પાંચ દિવસમાં હત્યાનાં ૩જા બનાવથી ચકચાર

# અમરેલીનાં ખીજડીયા (જંકશન) ગામની મહિલાની હત્યા : મૃતક મહિલાનાં પતિએ ઝેરી દવા પી લીધી

**હત્યા તેમજ આત્મહત્યાનાં પ્રયાસની ઘટના અંગે પોલીસે તપાસ શરૂ કરી**



અમરેલી, તા. ૧૧

અમરેલીમાં ઉનાળો ધોમધખી રહ્યો છે. ત્યારે લોકોનાં મગજમાં ગરમીનો પારો ચઢી રહ્યો હોય. ત્યારે અમરેલી પંથકમાં છેલ્લા પાંચ દિવસમાં ત્રીજી હત્યાનો બનાવ બનતા પોલીસે બનાવ અંગે ધરોણસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવમાં સુત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ અમરેલી તાલુકાનાં ખીજડીયા (જંકશન) ગામે ગઈકાલે રાત્રીનાં સમયે એક ગંગાબેન નામની મહિલાની હત્યા થયેલ મૃતદેહ મળી આવ્યો છે. જયારે આ મહિલાનાં પતિ ગોવિંદભાઈને પણ ઝેરી દવા પીધેલી હાલતમાં અત્રેના સરકારી દવાખાને ખસેડાયેલ છે.

ત્યારે પોલીસે બનાવની ગંભીરતાને ધ્યાને લઈ આ મહિલાની હત્યા કોણે કરી અને તેણીનાં પતિએ કયાં કારણોસર ઝેરી દવા પી લીધી છે તે અંગે તપાસ હાથ ધરી છે. આ બનાવને લઈ અમરેલી પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

## રાજુલા શહેરમાં આવેલ

# હિંડોરણા રોડ ઉપર બાઈક ઉપર વિદેશી દારૂની હેરફેર કરતાં ૨ ઝડપાયા

**બાઈક સહિત રૂા. ૩૨ હજારનો મુદ્દામાલ ઝડપાયો**

અમરેલી, તા. ૧૧

રાજુલા તાલુકાનાં દાંતરડી ગામે રહેતા ગોપાલભાઈ ધરમશીભાઈ ભીલ તથા જાફરાબાદનાં ટીંબી ગામે રહેતા સંજયભાઈ સોમાતભાઈ પરમાર નામનાં બે ઈસમો પોતાના હવાલાવાળા મોટર સાયકલ નં. જી.જે.–૨૩ કે ૧૫૩૧ ઉપર અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલ નંગ–૩૨ લઈ રાજુલા નજીક આવેલ હિંડોરણા રોડ ઉપરથી પસાર થતાં હોય. રાજુલા પોલીસે તેમને મોટર સાયકલ સહિત કુલ રૂા. ૩૧,૮૮૦નાં મુદામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

જોઈએ છે
પેટ્રોલપંપ પર કામ કરી શકે તેવા ભાઈઓ / બહેનો આકર્ષક પગારથી જોઈએ છે
શ્રી ક્રિષ્ના પેટ્રોલ પંપ
HP પેટ્રોલ પંપ, માણેકપરા, અમરેલી.

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૫
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૭૯૨

ડૉ. પિયુષ વી. ગોસાઈ
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ■ પ્રસુતિ પછીની તપાસ (PNC) ■ નોર્મલ ડીલેવરી ■ સીઝેરીયન ડીલેવરી ■ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ■ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ■ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ■ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ■ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ■ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ■ IUI ફેસીલીટી ■ IVF માટે સલાહ.

સહકાર શીરોમણીને તેમના ૭૦માં જન્મદિવસ નિમિત્તે ખુબ ખુબ શુભેચ્છાઓ...
દેશનાં સહકારી આગેવાન અને IFFCO-NCUI અને GUJCOMASOLનાં ચેરમેન તથા અમારા મુરબ્બી વડીલ આદરણીય શ્રી દિલીપભાઈ સંઘાણી સાહેબ ને ૭૦માં જન્મ દિવસ નિમિત્તે ખુબ ખુબ શુભેચ્છાઓ સહ વંદન...
આપના આભારી સહ શુભચિંતક
હિરેન ચાવડા
દક્ષાબેન ચાવડા
: ચિતલ :
યુગશકિત એન્ટરપ્રાઈઝ પ્રા.લી.




શ્રી દિલીપભાઈ સંઘાણી
અધ્યક્ષશ્રી
NCUI, IFFCO

## દિનપ્રતિદિન વધી રહેલા ઉષ્ણતામાન અને જળવાયુ પરિવર્તનની વિપરિત અસરોથી બચવા

# વિઠ્ઠલપુર ગ્રામ પંચાયતે પ્રકૃતિ સંવર્ધન માટે બનાવ્યું મિયાવાકી જંગલ

**સમગ્ર પંથકનાં પક્ષીઓને આસરા સાથે ખોરાકની સુવિધા મળી**

**સરકારની વિવિધ સહાયોનો લાભ લઈને ૧.૫ વીઘા પડતર જમીનમાં ૧૭૫૦ વૃક્ષોનું વાવેતર**

**સરકારી નર્સરીમાંથી છોડ એકઠા કરી મિયાવાકી જંગલ થકી હરિત ક્રાંતિ લાવવાનો પ્રયાસ**

**મનરેગા યોજના હેઠળ ૫૭૬ માનવ દિનનું સર્જન થયું, અત્યાર સુધીમાં ૧,૩૧,૨૮૦નો ખર્ચ**










અમરેલી, તા. ૧૧

દિનપ્રતિદિન વધી રહેલા ઉષ્ણાતામાન અને જળવાયુ પરિવર્તનની વિપરીત અસરોથી બચવા માટે વૃક્ષારોપણ સહિતના વિવિધ અભિયાનો ચાલી રહ્યા છે. રાજય સરકાર દ્વારા પણ વિવિધ કાર્યક્રમો અંતર્ગત વૃક્ષારોપણને વેગ મળી રહે તે માટે વિશેષ આયોજન કરવામાં આવે છે. અમરેલી શહેરના સીમાડે આવેલા વિઠ્ઠલપુર ખંભાળિયા ગામે જુદી જુદી સરકારી સહાય અને સરકારી નર્સરીમાંથી વિવિધ છોડ એકઠાં કરી પડતર જમીનનો આદર્શ ઉપયોગ કરવામાં આવ્યો છે. વિઠ્ઠલપુર ગામની ભાગોળે આવેલી પડતર જમીનમાં મિયાવાકી જંગલ તૈયાર કરી અને વિઠ્ઠલપુર ગામે પર્યાવરણ જતનનું ઉત્તમ કાર્ય થયું છે. સરપંચ ભાવેશભાઈ ગોંડલીયાના અથાક પરિશ્રમ અને ગ્રામજનોની પ્રબળ ઈચ્છાશકિતએ ગાંડા બાવળ હતા તેવી પડતર જમીનમાં ૧,૭૫૦ વૃક્ષો સાથે મિયાવાકી જંગલનું નિર્માણ કરવામાં આવ્યું છે.

મિયાવાકી જંગલના વિચારબીજ વિશે માહિતી આપતા સરપંચ ભાવેશભાઈ ગોંડલીયાએ જણાવ્યુ કે, અમને ત્રણ વર્ષ અગાઉ વૃક્ષારોપણનો વિચાર આવ્યો હતો. ગામની નજીક પાણીના ટાંકા પાસેની આ પડતર જમીનમાં ગાંડા બાવળ નીકળી ગયા હતા. અમે આ જગ્યામાં મનરેગા સહિતની યોજના હેઠળ કાર્યો કરી અને મિયાવાકી જંગલ બનાવવાનું નક્કી કર્યુ. આ માટે જરૂરી રોપાં વનવિભાગની ધારી નર્સરીમાંથી અમને મળ્યા જયારે કેટલાંક રોપાં સ્વખર્ચે પણ વાવ્યા. હાલમાં અહીં પક્ષીઓને ખોરાકમાં ઉપયોગી થાય તેવાં અનેક ઝાડ છે તો સાથે સાથે આ વૃક્ષો તેમના માટે આસરો પણ બન્યા છે. વધુમાં ગ્રામજનોને નિરાંતની પળો મળી રહે તે માટે બહાર ગોઠવવામાં આવેલી બેઠક વ્યવસ્થા પણ ગ્રામજનો માટે છાયડો મેળવવા માટેનું એક સ્થળ બની ગયું છે.

આ મિયાવાકી જંગલમાં ૧.૫ વીઘા જમીનમાં ઉમરો, પીપળો, ખાટી–મીઠી આંબલી, વડલાં, જામફળ, સીતાફળ, મીઠી આંબલી કરેણ, આમળા, નીલગીરી, બદામ, રાવણા, સરગવો, ચેર, ગરમાળો, પંદરવો, કરેણ, ચીકુ, આંબા, બોરસલી, કટગુંદી, ગુંદા, વડ, પીપળો, બાંબુ સહિતના વૈવિધ્ય સભર વૃક્ષો વાવવામાં આવ્યા છે.

મિયાવાકી જંગલમાં મળેલી સરકારી સહાય વિશે સરપંચે ઉમેર્યુ કે, જંગલના નિર્માણ માટે નર્સરીમાંથી નિઃશુલ્ક છોડ, મજૂરી, ફેન્સિંગ સહિતનાં કામો માટે સરકારી સહાય પણ મળી છે. મનરેગા યોજના હેઠળ આ કાર્ય દરમિયાન ૫૭૬ માનવદિનનું સર્જન થયું છે જયારે અત્યાર સુધી રૂા. ૧,૩૧,૨૮૦નો ખર્ચ થયો છે. હાલ આ કામ શરૂ છે અને આગામી ત્રણ વર્ષ સુધી વૃક્ષોની જાળવણી, નિભાવવાની તેમજ જરૂરિયાત મુજબ વૃક્ષોને પાણી પીવડાવવાની કામગીરી, સમયાંતરે નિંદામણની કામગીરી થતી રહે છે. દરેક ગામમાં આવી સરકારી પડતર જમીનો હોય છે જેનો ઉપયોગ વૃક્ષારોપણ માટે કરી અને પ્રકૃતિનું જતન કરી શકાય છે. હાલ આ મિયાવાકી જંગલ વિકસી રહ્યું છે અને વિઠ્ઠલપુર ગામના લોકો માટે વિરામ સ્થળ બન્યું છે ત્યારે આગામી સમયમાં આ કડીના ભાગરૂપે ગ્રામ પંચાયત દ્વારા વધુ વૃક્ષો વાવવાનું આયોજન પણ કરવામાં આવી રહ્યું છે.

**આલેખન અને મુલાકાત : જય મિશ્રા**

**તસવીરો : એમ.એમ. ધડુક**

---

## ભકતજનોમાં ઉત્સાહનો માહોલ

# સાવરકુંડલાના ઓળીયામાં વૃંદાવનનાં સાધ્વીજીની પ્રથમ કથા યોજાશે

**ભારતભરમાંથી સંતો ઉપસ્થિત રહેશે**

સાવરકુંડલા, તા. ૧૧

વૃંદાવનના સાધ્વી પ્રિયા કિશોરીજીની ગુજરાતમાં પ્રથમ કથા સાવરકુંડલા તાલુકાના ઓળીયા ગામ ખાતે યોજાશે. આ કથા શ્રી નિમ્બાર્ક આશ્રમ ખાતે મહંતશ્રી રામદાસ મહારાજના સાંનિધ્યમાં નિમ્બાર્ક આશ્રમ પરિવાર દ્વારા યોજાશે.

કથા આગામી તારીખ ૧૨/૦૫ થી ૧૮/૦૫ સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ યોજાશે. સુપ્રસિદ્ધ કથાકાર અને રાધે રાધેથી નામના મેળવનાર પૂજય સાધ્વી પ્રિયા કિશોરી વૃંદાવનવાસી વ્યાસપીઠ પર બિરાજી સંગીતમય શૈલીમાં કથા રસપાન



કરાવશે. સમગ્ર ભારતવાસીઓમાં સોશ્યલ મીડિયા અને કથામાં નામના મેળવનાર પ્રિયા કિશોરીજીની ગુજરાતમાં અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ઓળીયા નિમ્બાર્ક આશ્રમ ખાતે યોજાશે.

આ કથા દરમિયાન સ્થાપન, પૂજન, હેમાદ્રી, પોથીયાત્રા, ગણપતિ પૂજન, વ્યાસ ભગવાન જન્મ, કપીલ જન્મ, વામન અવતાર, કૃષ્ણ બાળલીલા, કંસવધ, રૂકમણી વિવાહ, સુદામા ચરિત્ર, ધર્મસભા, સંત મિલન, સંતવાણી, મહાપ્રસાદ વિગેરે ધાર્મિક કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવશે. આ તકે સમગ્ર ભારતભરમાંથી સંતો, મહંતો ઉપસ્થિત રહી ધર્મસભા, સંત મિલન અને આશીર્વચન પાઠવશે. આશ્રમના મહંત રામદાસબાપુ દ્વારા કથાની તમામ તૈયારીઓ અને વિશાળ કથા મંડપ તૈયાર કરવામાં આવ્યો છે.

---

## જાગૃત નાગરિક કનુભાઈ દુધરેજીયાએ ટીએચઓને પત્ર પાઠવ્યો

# રાજુલામાં ગરીબ પરિવારોને આયુષ્યમાન કાર્ડ કઢાવવામાં પગે પાણી ઉતરી રહ્યા હોય નારાજગી

**ખાનગી કોન્ટ્રાકટરની મનમાનીનાં કારણે અરજદારો પરેશાન**

અમરેલી, તા. ૧૧

રાજુલાનાં જાગૃત નાગરિક કનુભાઈ દુધરેજીયાએ તાલુકા આરોગ્ય અધિકારીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, રાજુલા ખાતે આયુષ્યમાન કાર્ડ બનાવવાનો કોન્ટ્રાકટ કોઈ ખાનગી કોન્ટ્રાકટને ટેન્ડર શરતોને આધીન અપાયો છે. પરંતુ ઉચ્ચ અધિકારીની વિઝિટનાં અભાવે કે સ્થાનિક નોકરીયાતોની સાથે અંગત સબંધોના કારણે ગરીબ અને અભણ અરજદારોને ખૂબ તકલીફો પડે છે. જેમ કે રાજુલા શહેર તેમજ તાલુકાનાં ગામડા તેમજ બીજા તાલુકાનાં ગામનાં નાગરીકો સરકારી દવાખાના–રાજુલામાં જવાનું હોય એટલે સવારે વહેલા દસ વાગ્યે હાજર થતા હોય છે પણ ઓપરેટર મનફાવે ત્યારે આવે. ઓફિસમાં કયા કયા ડોકયુમેન્ટો લાવવાના, કેટલા સમયમાં કાર્ડ મળી જશે, ડોકયુમેન્ટ સબ્મીટ થયા છે કે કેમ ?, પચાસ રૂપિયા ફી ભરેલ છે તેની પહોંચ આપવામાં આવતી નથી કે કોણ કોન્ટ્રાકટર છે તેનું નામ, મોબાઈલ નંબર, તેના ઓપરેટરનું નામ કે મોબાઈલ નંબર લખવામાં આવેલ નથી, કંઈ ફરિયાદ હોય તો ટોલ ફ્રી નં. મેસેજ નં. દા.ત. ૧૮૦૦ ૧૧૧ ૫૬૫, ૧૪૫૫૫ જે હોય તે જિલ્લા અધિકારી અને સ્થાનિક અધિકારીના નામ લખવામાં આવેલ નથી. કયા નજીકના દવાખાને સારવાર મળશે કયા કયા રોગોની સારવાર મળે, કેટલી મળશે આવું કોઈ પ્રકારનું પ્રચાર સાહિત્ય ચોંટાડવામાં આવેલ નથી. કોન્ટ્રાકટર મનમાની કરે છે. જેમ કે સમય પ્રમાણે આવતા નથી રજૂઆત કરો તો કહે છે કે મારો કોન્ટ્રાકટ છે મારે કોઈ અધિકારી સાથે કંઈ લેવા દેવા ન હોય તમારા રૂપિયા પાછા લઈ જાવ હું મોડો આવું કે મોડા સુધી બેસ એ મારે જોવા હોય, લેપટોપની પાછળ પેકિંગ મુકવું પડે છે એ પણ જુનુ હોય એમ લાગે છે, એમના મળતીયાના ઘરે કાર્ડ પહોંચતા કરે, મળતીયાનો પેલો વારો સરળ નો છેલ્લો કોઈ વારો કોઈ બોલે તો કહે બાર બેસો. આવી ઘણી બધી તકલીફો છે. સરકારે આ યોજના ગરીબ અને અભણ માણ રૂપિયાની તકલીફના કારણે સારવારથી વંચિત ન રહે આવા ઉમદા હેતુથી અમલીકરણ કરેલ છે. પરંતુ આવા કારણોસર ખરેખર ગરીબ લાભથી વંચિત રહેતા હોય છે. આ બાબતે જે જે ખામી હોય એ સાહિત્ય ચોંટાડો, કોન્ટ્રાકટરને શરતોની ભાન કરાવો છતાં ન સમજે તો તમારા અધિકારનો ઉપયોગ કરી કોન્ટ્રાકટ રદ કરાવો તેવી માંગ અંતમાં કરેલ છે.

---

## અમરેલી જીલ્લાના વિવિધ ગામોમાં

# મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અને ભાગવત સપ્તાહમાં હાજરી આપતા યુવા નેતા મનીષ સંઘાણી

અમરેલી, તા. ૧૧

અમરેલી જીલ્લાના સાવકુંડલા, બાવડા, અમરેલી, મોનાવેલ, વાગધરા, ખજૂરી વિવિધ ગામામો ત્રિદિવસીય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અને શ્રીમદ્ ભગવત્ સપ્તાહ, શિવપુરાણ વગેરેના આયોજનો કરવામાં આવ્યા છે ત્યારે ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણી દ્વારા આ



ભગીરથ ધર્મ કાર્યમાં ઉપસ્થિત રહી કથાનું શ્રવણ કર્યુ હતું.

---

# મોટા આંકડીયા ખાતે સગર્ભા માતા તપાસનો કેમ્પ યોજાયો



અમરેલી, તા. ૧૧

પ્રા. આ. કેન્દ્ર મોટાઆંકડીયા ખાતે માતા તપાસનો કેમ્પ યોજાયો. જેમાં મોટા આંકડીયા પ્રતાપપરા, માંગવાપાળ, વડેરાનાં ૨૪ સગર્ભા બહેનોની મેડિકલ ઓફિસર ડો. જાનકી પરમાર તથા ડો. કે.જી. મણવર દ્વારા તપાસ કરવામાં આવી તેમજ જોખમી સગર્ભાની ડો. સંજય સોલંકી દ્વારા તપાસ કરવામાં આવેલ તથા લેબ ટેક દ્વારા લેબોરેટરી કરેલ તેમજ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં સુપરવાઈઝર ફાર્માસિસ્ટ, એફએચ ડબલ્યુ, એમ.પી.એચ.ડબલ્યુ તમામ આશાબેનો તથા સ્ટાફ દ્વારા ખુબ જ જહેમત ઉઠાવેલ. સમગ્ર કેમ્પ દરમિયાન સગર્ભા બેનને લાવવા મુકવા માટે ખિલખિલાટ દ્વારા વ્યસ્થા કરવામાં આવેલ તેમજ સગર્ભા બહેનોએ આનંદ વ્યકત કરીને ફરીથી આવા કેમ્પ કરવાની ઈચ્છા વ્યકત કરેલ.

---

## આગામી તા. ૨૮ મે રવિવારનાં રોજ

# અમરેલી ખાતે શ્રી હરિહરભાઈજીનાં જન્મદિને સમૂહ પ્રસાદનું આયોજન : ખાસ દર્શન યોજાશે

**સંત શ્રી હરિરામબાપાનાં પડછાયા સમાન ભાઈજીનો ૨૨ મો જન્મદિન**

અમરેલી, તા. ૧૧

પૂ. સંત શ્રી હરિરામ બાપાનાં પડછાયા સમાન શ્રી હરિહરભાઈજીનો ૨૨મો જન્મદિવસ આયામી તા. ૨૮/૫નાં રવિવારનાં રોજ હોય, આ શ્રી હરિહરભાઈ ભાઈજીના જન્મદિને અમરેલી ખાતે આવેલ શ્રી હરિધામ, શ્રી જલારામબાપા મંદિર (લોહાણા ગેસ્ટ હાઉસ ખાતે) ખાસ સમૂહ મહાપ્રસાદનું આયોજન સાંજના ૭ થી ૯:૩૦ સુધી રાખવામાં આવેલ છે.

તે જ દિવસે સવારે ૭:૩૦ કલાકે તથા સાંજના ૭:૩૦ કલાકે પૂ. જલારામબાપા તથા પૂ. હરિરામબાપાની મહાઆરતીનું પણ




આયોજન કરવામાં આવેલ હોય, અ તમામ ઉત્સવોની ઉજવણી માટે થઈ ગુરૂભાઈઓએ તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે.

# અમરેલી જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારમાં ૧,૯૯૭ અને શહેરી વિસ્તારમાં ૮,૦૯૦ આવાસો દ્વારા જિલ્લાના નાગરિકોને મળ્યું ઘરનું ઘર



વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીની ગરિમામય ઉપસ્થિતિમાં તા.૧૨ મે, ૨૦૨૩ને શુક્રવારના રોજ ગાંધીનગર ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી અને ગ્રામીણ)નાં લાભાર્થીઓ માટે રૂા.૧,૯૪૬ કરોડના ખર્ચે આવાસોનું લોકાર્પણ, ખાતમુહુર્ત અને ગૃહપ્રવેશનો ‘અમૃત આવાસોત્સવ’ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લાના ૪૮ લાભાર્થીઓ પણ મહાત્મા મંદિર સ્થિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. વધુમાં અમરેલી જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓ ગ્રામ્ય અને નગરપાલિકા વિસ્તારમાં વર્ચ્યુઅલી જોડાશે. જિલ્લામાં યોજાનારા કાર્યક્રમો પદાધિકારીઓની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાશે. જિલ્લામાં ગ્રામ્ય સ્તરે ૧૮ ગામોમાં આ કાર્યક્રમ યોજાશે. જયારે શહેરી વિસ્તારમાં તમામ ૦૯ નગરપાલિકાઓ દ્વારા આ કાર્યક્રમ કરવામાં આવશે. ગ્રામીણ કાર્યક્રમમાં ૪૩ લાભાર્થીઓને આવાસ સોંપવામાં આવશે. જયારે શહેરી વિસ્તારના લાભાર્થીઓને પણ તેમને તેમના આવાસ સોંપવામાં આવશે. અમરેલી જિલ્લામાં આ કડીના ભાગરૂપે અત્યાર સુધીમાં પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ હેઠળ રૂા. ૨૮,૭૧,૪૦,૦૦૦ લાખના ખર્ચે કુલ ૧,૯૯૭ આવાસોના કામ સમાપ્ત થયા છે. જયારે શહેરી વિસ્તારમાં કુલ ૮,૦૯૦ આવાસોના કામ પૂર્ણ થયા છે. આમ, જિલ્લામાં આ યોજનાના કારણે સામાન્ય વ્યકિતના ઘરના ઘરનું સ્વપ્ન સાકાર થયું છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ શહેરી વિસ્તારમાં કુલ ૩,૪૯૦ લાભાર્થીઓ મંજૂર થયા છે.

## લીલીયા મુકામે બગસરા શરાફી મંડળીનાં મિટીંગ હોલનું આજે ઉદ્‌ઘાટન



લીલીયા, તા. ૧૧

શ્રી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી.ની શાખા લીલીયા સને.૨૦૦૯/૧૦ થી કાર્યરત છે. જેની હયાત માલીકીનાં બિલ્ડીંગ સાથે નવા બનાવેલ મિટીંગ હોલનું ઉદ્‌ઘાટન ભારત સરકારનાં કેન્દ્રિય મંત્રીશ્રી પરશોતમભાઈ રૂપાલા અને એન.એસ.યુ.આઈનાં ચેરમેન તથા સહકારી આગેવાન શ્રી દિલીપભાઈ સંઘાણીનાં વરદ્ હસ્તે શુક્રવારે કરવામાં આવશે. અને આ કાર્યક્રમનાં મુખ્ય મહેમાન સાંસદ નારણભાઈ કાછડીયા, મુખ્ય નાયબ દંડક કૌશિકભાઈ વેકરિયા, ધારાસભ્ય મહેશ કસવાળા તથા સંસ્થાના ચેરમેન રશ્વિનભાઈ ડોડીઆ સહિતનાં રાજકીય, સહકારી તેમજ સામાજિક આગેવાનોની ઉપસ્થિતિમાં આ સમારોહ યોજાશે. શ્રી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી. રાજયની ૬૩૦૦ થી પણ વધારે સહકારી મંડળીઓમાં સતત ૫ વર્ષથી બીજો નંબર ધરાવતી અને ૧૯૦૦૦ જેટલા સભાસદો તેમજ વર્ષ ૨૦૨૨/૨૩ માં મંડળીનો કુલ ચોખ્ખો નફો ૩ કરોડ ઉપરાંત થવા પામેલ છે. અને સભાસદોને ૧૫% ડિવિડન્ટ આપતી હોય તેવી આ સહકારી સંસ્થાની શાખા લીલીયા મુકામે આવતી કાલ શુક્રવારે સાંજના ૬:૦૦ કલાકે યોજાનાર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા મંડળીના જનરલ એમ.ડી. નિતેષભાઈ ડોડીઆની યાદી જણાવેલ છે.

## લીલીયા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ તરીકે પરીન સોની ચૂંટાયા



લીલીયા, તા. ૧૧

લીલીયા ખાતે આજે વડવાળા હનુમાનજી ખાતે સવારનાં ૮થી સાંજનાં ૫ કલાક સુધી ચેમ્બર ઓફ કોમર્સમાં પ્રમુખ તરીકેની ચુંટણીનું મતદાન યોજાયું હતું. જેમાં શહેરનાં કરીયાણા, હાર્ડવેર, ફુરસાણ, પાન– બીડી, શાકભાજી ફુટ, મોબાઈલ સહિતનાં વેપાર ધંધાનાં ૪૩૬ વેપારીઓએ મતદાન કરેલ સાંજનાં ૫:૩૦ કલાક મતદાન મંથક પર મતગણતરી કરવામાં આવેલ જેમાં ચેમ્બર ઓફ પ્રમુખ તરીકે વિજય થનાર પરીનભાઈ સોનીને ૨૪૮ મતો મળેલ જયારે બીજા ક્રમે રહેનાર કલ્પેશભાઈ વિરાણીને ૧૦૪ મત મળેલ જયારે ત્રીજા ક્રમે ચેમ્બર ઓફ કોમર્સનાં પુવ પ્રમુખ અરજણભાઈ ધાંમતને ૫૨ મતો મળેલ. ૨ મત નોટોમાં પડેલ. પરીનભાઈ સોનીનો ૧૪૦ આવેલથી વિજય થયો હતો. આ તકે મોટી સંખ્યામાં ઉપસ્થિત વેપારીઓ અને પરીન સોનીને શુભેચ્છા આપી મોં મિઠુ કરાવેલ. આ તકે બહાદુરભાઈ બેરા, સરપંચ જીવનભાઈ વોરા પુર્વ સરપંચ ખોડાભાઈ માલવીયા, એડવોકેટ કિશોરભાઈ પાઠક, ધર્મેશ ગાયજણ, રસિકભાઈ વંડ્રા સહિતના વેપારીઓ, અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહેલ.

### અગાઉનાં મનદુઃખનાં કારણે

## જાફરાબાદ ખાતે માચ્છીમાર યુવક સહિતનાં વ્યકિતઓ પર હુમલો

### પીપળીકાંઠાનાં ૪ ઈસમો સામે ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૧૧

જાફરાબાદનાં પીપળીકાંઠા વિસ્તારમાં રહેતા અને માચ્છીમારીનું કામ કરતાં પંકજભાઈ લક્ષ્મણભાઈ બારૈયા ઉર્ફે ધારીયાવાળા નામનાં ૨૮ વર્ષિય યુવક સાથે અગાઉ થયેલ બોલાચાલીનું મનદુઃખ રાખી પીપળીકાંઠા વિસ્તારમાં રહેતા રાજેશભાઈ ઉર્ફે જીણા પટેલવાળા, તુલસીભાઈ સોલંકી સહિત ૪ લોકોએ લોખંડના પાઈપ વડે યુવક તથા સાહેદ પરેશભાઈ તથા જયોતિબનને માર મારી ઈજા કર્યાની ફરિયાદ જાફરાબાદ મરીન પોલીસમાં નોંધાઈ છે.


એક્ટિવ સર્વિસ પોઈન્ટ
પ્લમ્બર કામ જેવા કે, નળ રીપેરીં, ગટરનું ચોકઅપ, પ્રેશર ઓછું આવવું, દારની મોટર, ઓટો સેન્સર, ઘરમાંથી દુર્ગંધ આવવી, ટાંકા સુધી પાણી ન ચડવું, પાણીનાં ટાંકાની સફાઈ.
કડીયા કામ નાના મોટા રીપેરીંગ તથા રીનોવેશન લાદી, ચણતર પ્લાસ્ટર.
RO ફિલ્ટર સર્વિસ
ઈલેક્ટ્રીક કામ વાયરીંગને લગતા પ્રશ્નો તથા રીપેરીંગ તથા AC તેમજ ફ્રીજ
કલર કામ પુટ્ટી, કલર.
■ AC સર્વિસ ■ સુથારીકામ ■ વેલ્ડિંગકામ ■ ગેસચૂલા
એન્જીનીયરીંગ વર્ક સુપરવીઝન, એસ્ટીમેટ, પ્લાનીંગ તથા ડીઝાઈન.
ઉપર મુજબના દરેક પ્રકારના ચોકસાઈ પૂર્વક કામ માટે આજે જ સંપર્ક કરો
જગદીશભાઈ બી. વ્યાસ 97244 65508 : સંપર્ક : ભાર્ગવભાઈ વ્યાસ 89807 08023
સરનામું : ‘ભારતીય શ્રમયોગી સંઘ’ F/7 સિલ્વર પ્લેસ, સ્ટેશન રોડ, અમરેલી-365601

“કોમર્સ એટલે એકલવ્ય અને એકલવ્ય એટલે કોમર્સ”
એકલવ્ય
ડિઝીટલ કોમર્સ કોમર્સ 100% કોમર્સ
ધોરણ 11 - 12 કોમર્સ ગુજરાતી માધ્યમ
અમરેલી જીલ્લામા સૌ પ્રથમ સ્માર્ટ બોર્ડ દ્વારા એજ્યુકેશન આપતી એક માત્ર કોમર્સ સ્કુલ
મર્યાદિત જ એડમિશન બાકી હોય તાત્કાલિક સંપર્ક કરો.
લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ, નારાયણ નગર
અમરેલી - 365601
Mo.9106634426 / 9979449649

મહાકાલી જયોતિષ
જયોતિષ વિદ્યાનો ચમત્કાર LOVE GURU
• ૧૦૦% ચેલેન્જથી કામ
• હસ્તરેખા, લગ્નમાં વિલંબ
• લવ પ્રોબ્લમ, લવ મેરેજ, આકર્ષણ પ્રયોગ
• મેલી વસ્તુ મુકિત, ગ્રહકલેશ
• નોકરીમાં પ્રમોશન, લક્ષ્મીબંધન
• ગુપ્ત ધનનાં ખાસ જાણકાર
• એક તરફી પ્રેમ, પ્રેમીપ્રેમીકા વશ
• પ્રેમમાં દગો, ધારેલી વ્યકિતનું મિલન
• મહામોહીની ઈચ્છાધારી વશીકરણ
• શત્રુનાશ, છુટાછેડા, સૌતન મુકિત
મારે ત્યાંથી નીરાશ થશો નહીં
જીવનનાં કોઈપણ કાર્યનાં નિવારણ માટે ભાઈઓ-બહેનો વિશ્વાસથી મળો
૯૭૩૭૩ ૩૦૭૯૮
વાત ગુપ્ત રહેશે ઘરબેઠા સચોટ કામ

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦,પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦













### સીબીએસઈ બોર્ડના વિદ્યાર્થીઓ માટે સારા સમાચાર

# સીબીએસઈ ધોરણ-૧૦-૧૨નું પરિણામ ટૂંકમાં જ જાહેર થશે

## પરિણામો બોર્ડની વેબસાઇટ : results.cbse.nic.in અથવા cbseresults.nic.in ઉપર જોઇ શકાશે

ગાંધીનગર, તા.૧૧

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) એ તાજેતરના એક પરિપત્રમાં જણાવ્યું હતું કે ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાના પરિણામો "ટૂંક સમયમાં" જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થીઓ તેમના સીબીએસઈપરિણામો બોર્ડની સત્તાવાર વેબસાઈટઃ results. cbse.nic.in અથવા cbse results.nic.in પર ડિજી લોકરઅને ઉમંગએપ પર જોઈ શકાશે. બોર્ડ આ પરિણામો આઈવીઆરએસ અને એસએમએસ દ્વારા પણ ઉપલબ્ધ કરાવી શકે છે. સીબીએસઈધોરણ ૧૦, ૧૨ ના પરિણામ ૨૦૨૩ની તારીખ અને સમય અગાઉથી વિદ્યાર્થીઓ સાથે શેર કરવામાં આવશે.સીબીએસઈએ વિદ્યાર્થીઓના ડિજી લોકરએકાઉન્ટને સક્રિય કરવા માટે છ-અંકની સુરક્ષા પિન જાહેર કરી છે, જેને શાળાઓ તેમના એલઓસીઓળખપત્રોનો ઉપયોગ કરીને digilocker .gov.in પરથી ડાઉનલોડ કરી શકે છે. વિદ્યાર્થીઓએ તેમની સિક્યોરિટી પિનનો ઉપયોગ કરવો પડશે, તેમના એકાઉન્ટ એક્ટિવેટ કરવા પડશે, જેથી પરિણામ જાહેર થયા પછી તેઓ તેમની માર્કશીટ અને પ્રમાણપત્રોની ડિજિટલ નકલો ડાઉનલોડ કરી શકે.વિદ્યાર્થીઓ અલગ-અલગ પ્લેટફોર્મ અને મોબાઈલ એપ્સ દ્વારા તેમના પરિણામો ખૂબ જ સરળતાથી ચેક કરી શકશે. વિદ્યાર્થીઓ તેમનું પરિણામ ઓનલાઈન, એસએમએસ દ્વારા અને ડિજીલોકર અને ઉમંગ એપ દ્વારા જોઈ શકે છે.પરિણામના દિવસે, વિદ્યાર્થીઓ રોલ નંબર, શાળા નંબર, એડમિટ કાર્ડ આઈડીઅને જન્મ તારીખનો ઉપયોગ કરીને results.cbse.nic.in, cbseresults.nic.in અથવા digilocker.gov.in પર તેમનું રિઝલ્ટ ચકાસી શકે છે.વિદ્યાર્થીઓ જીસ્જી દ્વારા CBSE બોર્ડના ધોરણ ૧૦માનું પરિણામ પણ જોઈ શકશે. વિદ્યાર્થીઓએ તેમના મોબાઈલ ફોનમાંથી માત્ર એક જ એસએમએસ કરવાનો રહેશે.ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ તેમના પરિણામો તપાસવા માટે બોર્ડ દ્વારા આપવામાં આવેલા નંબર ૭૭૩૮૨૯૯૮૯૯ પર સીબીએસઈ ૧૦(સ્પેશ)રોલ નંબરલખીને એસએમએસમોકલી શકે છે.વિદ્યાર્થીઓ એસએમએસ મોકલતાની સાથે જ તેમને એસએમએસ દ્વારા તેમનું પરિણામ મળી જશે. વિદ્યાર્થીઓ પહેલા ડિજીલોકર digilocker.gov.in ની આ સત્તાવાર વેબસાઈટ પર જાઓ. આ પછી, હોમ પેજ પર આપેલ સીબીએસઈબોર્ડ ધોરણ ૧૦મા પરિણામ ૨૦૨૩ની લિંક પર ક્લિક કરો.હવે અહીં પૂછવામાં આવેલી તમામ વિગતો દાખલ કરો. તમારી સામે એક નવી વિન્ડો ખુલશે.

આ પછી તમારી માર્કશીટ તમારી સ્ક્રીન પર દેખાશે.

### વિદ્યાર્થીનાં યુનિફોર્મ, સ્ટેશનરી સહિત તમામ વસ્તુના ભાવમાં ૨૦થી ૨૫ ટકાનો વધારો

## દરેક વિદ્યાર્થી દીઠ નોટબુકના વધેલા ભાવના કારણે વાલીઓનાં બજેટમાં ૫૦૦થી ૬૦૦ રૂપિયાનો બોજો આવશે

અમદાવાદ, તા.૧૧

શાળાઓમાં હાલ વેકેશન ચાલી રહ્યું છે. શાળાઓ શરૂ થવાને હજુ થોડી વાર છે અને વેકેશન બાદ નવું શૈક્ષણિક સત્ર શરૂ થશે. આ નવું શૈક્ષણિક સત્ર વાલીઓનાં ખિસ્સાંનો ભાર વધારશે તે વાત નિશ્ચિત છે. ખાનગી શાળાની ફી વધવાના કારણે વાલીનું બજેટ પહેલેથી જ બગડ્યું છે અને ઉપરથી સ્ટેશનરી, યુનિફોર્મ તેમજ સ્કૂલ બેગના ભાવમાં પણ વધારો થઈ ચૂક્યો છે.

વિદ્યાર્થીનાં યુનિફોર્મ, સ્કૂલ બેગ, સ્ટેશનરી એમ તમામ વસ્તુના ભાવમાં ૨૦થી ૨૫ ટકાનો વધારો જોવા મળી રહ્યો છે. જેનો બોજો વાલીએ સહન કરવાનો રહેશે. વેકેશન દરમિયાન જ બજારમાં આ તમામ વસ્તુની ઘરાકી નીકળી છે. પણ ગત વર્ષની તુલનાએ આ વખતે વાલીએ વધારે ભાવ ચૂકવવા પડે છે. સ્કૂલમાં ઉપયોગમાં લેવાતી વિવિધ પ્રોડક્ટસની સાથે સાથે સ્કૂલ વર્ધી માટેની રિક્ષાઓ અને વાનનાં ભાડાં પણ વધી ગયાં છે.

૮૦૦ રૂપિયાના યુનિફોર્મની કિંમત વધીને ૧૦૦૦ રૂપિયા થઈ ગઈ છે યુનિફોર્મનું વેચાણ કરતા વેપારીનાં જણાવ્યા અનુસાર યુનિફોર્મના ભાવમાં ૨૦ ટકા સુધીનો વધારો થયો છે. જે યુનિફોર્મ પહેલાં ૭૦૦ રૂપિયાનો હતો તે હવે ૮૪૦ રૂપિયા સુધીનો થઈ ગયો છે અને ૮૦૦ રૂપિયાનો યુનિફોર્મ ૧૦૦૦ રૂપિયામાં મળે છે. મોટાભાગના વાલી યુનિફોર્મની બે જોડ ખરીદતા હોય છે. આથી તેમણે ૫૦૦થી ૬૦૦ રૂપિયા વધારે ચૂકવવા પડશે. વિદ્યાર્થી સ્કૂલમાં જે વસ્તુ વાપરે છે તેમાં સ્કૂલ બેગ સૌથી મોંઘી પ્રોડકટ હોય છે. રસ્તા પર મળતી ૪૦૦ રૂપિયાની સ્કૂલ બેગથી માંડીને દુકાનમાં મળતી ૩૦૦૦ રૂપિયાની બ્રાન્ડેડ સ્કૂલ બેગ એમ ૫૦થી ૬૦ પ્રકારની સ્કૂલ બેગ બજારમાં ઉપલબ્ધ છે.

સ્કૂલ બેગના વેપારી કહે છે કે, જૂનો સ્ટોક હોય ત્યાં સુધી જૂના ભાવે સ્કૂલ બેગ વેચીશું. પણ મટિરિયલના ભાવ વધ્યા હોવાથી સ્કૂલ બેગનો જે નવો સ્ટોક આવ્યો છે. તેમાં ૨૦ ટકાનો ભાવવધારો થયો છે. દરેક વાલી સરેરાશ હવે ૧૦૦૦થી ૧૫૦૦ રૂપિયાની કિંમતની સ્કૂલ બેગ ખરીદે છે. આમ સ્કૂલ બેગ દીઠ ૧૫૦થી ૨૦૦ રૂપિયા વધારે ચૂકવવા પડશે.

નોટબુક ૧૦૦ પેજ, ૨૦૦ પેજ ઉપરાંત એ-૪, એ-૫ એમ અલગ-અલગ સાઈઝ અને અલગ-અલગ પ્રકારમાં મળતી હોય છે અને એ પ્રકારે તેનો ભાવ નક્કી થતો હોય છે. આ તમામ નોટબુકના ભાવમાં ૨૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. દરેક વિદ્યાર્થી દીઠ નોટબુકના વધેલા ભાવના કારણે વાલીઓનાં બજેટમાં ૫૦૦થી ૬૦૦ રૂપિયાનો બોજો આવશે. પેન્સિલ, રબર અને કલરના ભાવ પણ ૨૦થી ૨૫ ટકા વધી ગયા છે

# અમરેલી : આઈ.ટી.આઈ ખાતે સમર સ્કિલ ડેવલપમેન્ટ કેમ્પ પ્રમાણપત્ર અને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા. ૧૧

આઈ.ટી.આઈ અમરેલી ખાતે 'FREE SUMMER SKILL DEVLOPMENT CAMP–૨૦૨૩'નુ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રમાણપત્ર અને ઈનામ વિતરણ પણ કરવામાં આવ્યું હતું. કમ્પ્યુટર, સિવણ, ઈલેકટ્રીકલ, મિકેનિકલ અને સિવિલ સહિત વિવિધ ગૃપની ત્રિ–દિવસીય પ્રાયોગિક તાલીમ પૂર્ણ થયા બાદ તમામ લાભાર્થીઓને પ્રમાણપત્ર તથા પ્રથમ ક્રમ મેળવનારને પારિતોષિક એનાયત કરવામાં આવ્યા હતા. ઈનામ વિતરણ



કાર્યક્રમ પ્રસંગે જિલ્લા રોજગાર અધિકારી પ્રજાપતિ, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી મહેતા ઉપસ્થિત રહ્યા હતા, તેમ અમરેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુજરાતની મુલાકાત લેશે

# વડાપ્રધાન મોદી ૪૪૦૦ કરોડના વિવિધ પ્રોજેક્ટનાં ઉદ્‌ઘાટન-શિલાન્યાસ કરશે

## ગાંધીનગરમાં શહેરી વિકાસ વિભાગ, પાણી પુરવઠા વિભાગ, માર્ગ અને પરિવહન વિભાગ અને ખાણ અને ખનીજ વિભાગના પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે

નવી દિલ્હી, તા.૧૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૨મી મેના રોજ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. મળતી માહિતી પ્રમાણે તેઓ સવારે લગભગ ૧૦:૩૦ વાગે ગાંધીનગરમાં અખિલ ભારતીય શિક્ષા સંઘ અધિવેશનમાં ભાગ લેશે. ત્યાર બાદ ગાંધીનગરમાં બપોરે ૧૨ વાગ્યે તેઓ આશરે રૂ. ૪૪૦૦ કરોડના વિવિધ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કરશે. બપોરે ૩ વાગ્યે પ્રધાનમંત્રી ગિફ્ટ સિટીની મુલાકાત લેશે. આ કાર્યક્રમ માટે આજે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. સુરક્ષા વ્યવસ્થાનું રિહર્સલ કરવામાં આવી રહ્યુ છે.ગાંધીનગરમાં કાર્યક્રમ દરમિયાન રૂ. ૨૪૫૦ કરોડથી વધુના વિકાસ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કરશે. જેમાં શહેરી વિકાસ વિભાગ, પાણી પુરવઠા વિભાગ, માર્ગ અને પરિવહન વિભાગ અને ખાણ અને ખનીજ વિભાગના પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. જે પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન કરવામાં આવી રહ્યું છે તેમાં બનાસકાંઠા જિલ્લામાં મલ્ટી વિલેજ પીવાના પાણી પુરવઠાની યોજનાઓ, અમદાવાદમાં રિવર ઓવરબ્રિજ, નરોડા જીઆઈડીસીખાતે ડ્રેનેજ કલેક્શન નેટવર્ક, મહેસાણા અને અમદાવાદમાં સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ, દહેગામમાં ઓડિટોરિયમ વગેરેનો સમાવેશ થાય છે.

જે પ્રોજેક્ટનો શિલાન્યાસ થશે તેમાં જૂનાગઢ જિલ્લામાં જથ્થાબંધ પાઈપલાઈન પ્રોજેક્ટ, ગાંધીનગર જિલ્લામાં પાણી પુરવઠા યોજનાઓનું વિસ્તરણ, ફ્લાયઓવર બ્રિજનું નિર્માણ, નવા પાણી વિતરણ સ્ટેશન, વિવિધ ટાઉન પ્લાનિંગ રસ્તાઓ વગેરેનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી પીએમએવાય (ગ્રામીણ અને શહેરી) પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ પણ કરશે, તેમજ યોજના હેઠળ બાંધવામાં આવેલા લગભગ ૧૯,૦૦૦ ઘરોના ગૃહ પ્રવેશમાં ભાગ લેશે. તેઓ કાર્યક્રમ દરમિયાન યોજનાના લાભાર્થીઓને ચાવીઓ સોંપશે. આ પ્રોજેક્ટ્સનો કુલ ખર્ચ ૧૯૫૦ કરોડ રૂપિયા છે.પ્રધાનમંત્રી 'ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી' (ગિફ્ટ સિટી), ગાંધીનગરની મુલાકાત લેશે. મુલાકાત દરમિયાન તેઓ ગિફ્ટ સિટી ખાતે ચાલી રહેલા વિવિધ પ્રોજેક્ટની સ્થિતિની સમીક્ષા કરશે. ગિફ્ટ સિટીમાં તેમના અનુભવ અને ભાવિ યોજનાઓને સમજવા માટે ગિફ્ટ આઈએફએસસીએન્ટિટી સાથેની વાતચીત પણ કરશે. પ્રધાનમંત્રી 'અંડરગ્રાઉન્ડ યુટિલિટી ટનલ' અને 'ઓટોમેટેડ વેસ્ટ કલેક્શન સેગ્રિગેશન પ્લાન્ટ' સહિત શહેરની મુખ્ય માળખાકીય સુવિધાઓની પણ મુલાકાત લેશે. પ્રધાનમંત્રી અખિલ ભારતીય શિક્ષા સંઘ અધિવેશનમાં ભાગ લેશે, જે અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક મહાસંઘનું ૨૯મું દ્વિવાર્ષિક સંમેલન છે. આ કોન્ફરન્સની થીમ 'શિક્ષકો એટ ધ હાર્ટ ઓફ ધ ટ્રાન્સફોર્મિંગ એજ્યુકેશન' છે.

### ૧૦૧ તોપોની સલામી સાથે કરાઈ હતી મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા

# સોમનાથ મંદિરના ૭૩માં સ્થાપના દિવસની ભક્તિભાવપૂર્વક ઉજવણી

## ૧૧ મે ૧૯૫૧ના રોજ સોમનાથ મંદિરમાં સંપૂર્ણ ધાર્મિક વિધિવિધાન સાથે તત્કાલિન રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદના હસ્તે પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી

સોમનાથ, તા.૧૧

કરોડો હિંદુઓના આસ્થાનું પ્રતીક અને ૧૨ જ્યોતિર્લિંગ પૈકી પ્રથમ જ્યોતિર્લિંગ એવા સોમનાથ મંદિરમાં આજના દિવલે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. ૧૧ મે ૧૯૫૧ના રોજ સોમનાથ મંદિરમાં સંપૂર્ણ ધાર્મિક વિધિવિધાન સાથે તત્કાલિન રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાગના હસ્તે પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ જે આ પ્રસંગના ૭૩માં સ્થાપના દિવસ નિમીતે સોમનાથ મંદિરમાં વિશેષ પૂજા અર્ચના કરવામાં આવી છે.

સોમનાથ મહાદેવ મંદિરની સાથે અનેક ઐતિહાસિક ઘટનાઓ ઘટી ચુકી છે. આ એ જ પવિત્ર ભૂમિ છે જેને ભગવાન શ્રીકૃષ્ણએ દેહોત્સર્ગ માટે પસંદ કરી હતી. એક સમયે આ મંદિરની જાહોજલાલી એટલી હતી તેના પર મોગલો દ્વારા અનેકવાર ચડાઈ કરવામાં આવી હતી. આ મંદિર આખુ સૂવર્ણજડિત હતુ. પરંતુ વિદેશી આક્રાંતાઓ દ્વારા આ મંદિરને લૂંટવામાં આવ્યુ હતુ. જો કે અખંડ ભારતના શિલ્પી એવા સરદાર વલ્લભભાઈ પટેલને પ્રયાસો બાદ આ મંદિરનો જિર્ણોદ્ધાર કરવામાં આવ્યો અને આજે આ મંદિરની જાહોજલાલી પરત આવી રહી છે. આ મંદિરના સર્જન અને વિસર્જન પ્રક્રિયા વચ્ચે પણ સોમનાથ મંદિરનો દબદબો રહ્યો છે.વિશ્વમાં કરોડો ભક્તોના આસ્થાનું કેન્દ્ર સૌરાષ્ટ્રના રત્નાકર સમુદ્ર તટ પર બિરાજમાન આદિ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરનો આજે ૭૩મો પ્રાણપ્રતિષ્ઠા દિવસ છે. આ દિવ્ય પ્રસંગના પ્રસંગ સાક્ષી અને સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી જે.ડી.પરમારે જણાવ્યું કે મંદિરની પ્રાણપ્રતિષ્ઠા સમયે તત્કાલીન રાષ્ટ્રપતિએ શિવલિંગના તળ ભાગે રાખેલી સુર્વણ શલાકા ખસેડીને શિવલિંગ સ્થાપિત કરી પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ત્યારે ૧૦૮ તીર્થસ્થાનોના અને ૭ સમુદ્રોના જળ લાવીને સોમનાથ મહાદેવનો અભિષેક કરવામાં આવ્યો હતો અને એ ધન્ય પળે ૧૦૧ તોપોની સલામી આપવામાં આવી હતી.આ મંદિરના નવ નિર્માણમાં સરદાર વલ્લભભાઈ પટેલનો સિંહફાળો રહ્યો છે. તેમણે મંદિરની ગરીમા પરત લાવવા દરિયાકાંઠે જળ અંજલિ લઈને નવનિર્માણનો દૃઢ સંકલ્પ કર્યો હતો. એ પછી ૧૧ મે ના રોજ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ થયો હતો. જે તે સમયે સોમનાથ મહાદેવને ભારતની ૧૦૮ નદીઓ, સાત મહાસાગરોના જળથી જળાભિષેક કરવામાં આવ્યો હતો. સવારે ૯.૪૬ મિનિટે પ્રાણ પ્રતિષ્ઠા થઈ હતી. આજે પણ મંદિરમાં ગર્ભગૃહને સૂર્વણથી મઢવામાં આવ્યુ છે. દ્વારશાખ આગળના સ્તંભો, નૃત્ય મંડપ, સભાગૃહના કળશો સૂવર્ણજડિત બન્યા છે. મંદિરના નાગર શૈલીના મહામેરૂપ્રસાદ દેવાલય છે. આ મંદિરને સાત માળ છે. આજે મંદિરના મંદિરના ૭૩ માં સ્થાપના દિવસ પર મૂળ સ્થાપના દિવસની સ્મૃતિમાં પવિત્ર જળની કળશ યાત્રા યોજવામાં આવી હતી. જ્યાં માતા સરસ્વતીએ વડવાનરને સમુદ્રમાં પધરાવેલ એવા રત્નાકર સમુદ્રના ઉદધિ જળ, હિરણ, કપિલા અને સરસ્વતી જ્યાં મહાદેવના ચરણ પખાળવા સાથે મળે છે એવું ત્રિવેણી સંગમ જળ, અને શિવજીએ પોતાની જટામાં ધારણ કરેલ ગંગા જળ લાવીને બાળાઓ દ્વારા કળશ માથા પર રાખીને સોમનાથ ટ્રસ્ટ પરિવાર, તીર્થ પુરોહિતો અને ભાવિકો સાથે મંદિરમાં કળશ યાત્રા કરી હતી. ઢોલ શરણાઈના નાદ સાથે આ યાત્રાથી સમગ્ર તીર્થ શિવમય બન્યું હતું.

# ગૂજરાત વિદ્યાપીઠમાં ફીમાં વધારો કરવામાં આવ્યો

## નવા ટ્રસ્ટી મંડળ અને બોર્ડ ઓફ ગવર્નરના સભ્યો આવ્યા બાદ દિવસના દિવસે મહત્વના સુધારા વધારા કરવામાં આવી રહ્યા છે

અમદાવાદ, તા.૧૧

નવા શૈક્ષણિક વર્ષે ગુજરાત વિદ્યાપીઠમાં પ્રવેશ રહેવા માંગતા વિદ્યાર્થીઓ માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. વિદ્યાપીઠમાં ભણવું હવે વિદ્યાર્થીઓ માટે મોંઘુ બનશે. ગુજરાત વિદ્યાપીઠમાં નવા કુલ સચિવ સહિત નવા ટ્રસ્ટી મંડળ અને બોર્ડ ઓફ ગવર્નરના સભ્યો આવ્યા બાદ દિવસના દિવસે મહત્વના સુધારા વધારા કરવામાં આવી રહ્યા છે. જે સંદર્ભે હવે ગુજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રોસેસ ફીમાં વધારો કરવાનો મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. અલગ અલગ અભ્યાસક્રમની સાથે અન્ય પ્રોસેસ ફીમાં ૬ થી ૧૦ % સુધીનો વધારો કરવામાં આવ્યો છે.ગાંધીજી દ્વારા સ્થાપિત ગુજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે અહીં અભ્યાસ કરવો એ મોઘો બનશે. વિદ્યાપીઠ સત્તા મંડળ દ્વારા યુ જી પી જી ડિપ્લોમા અને પીએચડીના વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રકારની પ્રોસેસ ફીમાં ૧૦% સુધીનો વધારો કરવામાં આવ્યો છે. વિદ્યાપીઠના સત્તાધીશો તરફથી દાવો કરવામાં આવ્યો છે કે યુ.જી.સી દ્વારા જે ગ્રાન્ટ મળે છે તેમાંથી કર્મચારીઓનો પગાર અને પેન્શનમાં વપરાઈ જતો હોય છે. જેથી હવે વિદ્યાપીઠના વિવિધ વિકાસલક્ષી કાર્ય કરવા માટે લાંબા સમય બાદ એજ્યુકેશન ફી, ઈન્ટર્નલ પરીક્ષા ફી, સ્ટુડન્ટ વેલ્ફેર ફી, પ્રોફેશન કમ્પીટન્સી ફી, કરિક્યુલર એક્ટિવિટી ફી, પ્રેકટિકલ ફીમાં વધારો કરવામાં આવ્યો છે.મહત્વની બાબત એ છે કે વિદ્યાપીઠમાં હવે એમ.એસ યુનિવર્સિટી તર્જ પર અમદાવાદ કેમ્પસ ડેવલપ કરવામાં આવશે. જેમાં રાંધેજા અને સાદરા કેમ્પસના કોર્સ અમદાવાદ કેમ્પસમાં લવાશે. એટલે કે અમદાવાદ કેમ્પસમાં આર્ટસ કોમર્સ અને અન્ય ફેકલ્ટીના યુ. જી, જીપીજી, પીજી ડીપ્લોમા, PHDના તમામ કોર્સિસ એક જ ફેકલ્ટીમાં સમાવેશ કરવામાં આવશે. જ્યારે સાદરા કેમ્પસમાં માત્ર ફીઝીકલ એજ્યુંકેશન કૉર્સ ચાલશે. જેથી અમદાવાદ કેમ્પસમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ વધારો થશે. અત્યાર સુધી ૯૫૦ વિદ્યાર્થિઓ અભ્યાસ કરતાં, તેની જગ્યાએ હવે ૩ હજાર વિદ્યાર્થી અભ્યાસ કરશે. આ ઉપરાંત યુ.જી.સી એ ભરતીના નિયમોમાં ફેરફાર કરતા રજીસ્ટ્રાર, ફાઈનાન્સ ઑફિસર, ઈન્ટરનલ ઓડિટર ની પોસ્ટની ભરતી પ્રક્રિયા રદ કરી છે. વિદ્યાપીઠની બી. ઓ જી ની બેઠકમાં વિદ્યાર્થીઓ માટે મહત્વપૂર્ણ એ પણ નિર્ણય લેવામાં આવ્યો છે કે હવેથી વિદ્યાર્થીઓની હાજરી બાયોમેટ્રિક પદ્ધતિથી દિવસમાં બે વાર લેવામાં આવશે.

### રાજ્યમાં ગરમીનો પ્રકોપ વધ્યો

# રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા હિટવેવની આગાહી કરવામાં આવી

અમદાવાદ, તા.૧૧

ગુજરાતમાં અનેક શહેરમાં ગરમીનો પારો વધી રહ્યો છે. અમદાવાદમાં પણ ૩ દિવસ ઓરેન્જ એલર્ટની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. વર્તમાન ઉનાળાની સિઝનમાં પહેલી વખત અમદાવાદીઓને ઓરેન્જ એલર્ટ સાથે પનારો પડવાનો છે.

આ દરમિયાન હવે આરોગ્ય વિભાગે આગમચેતી રૂપે જિલ્લાઓને પત્રો દ્વારા જાણ કરી છે. જેમાં જિલ્લા કક્ષાએ આરોગ્ય અધિકારીઓને હીટવેવની તૈયારી કરવા સૂચના અપાઈ છે. રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા હિટવેવની આગાહી કરવામાં આવી છે. હાલ ગુજરાતમાં સતત વધતી જતી ગરમી અને હીટવેવની આગાહીને લઈ આરોગ્ય વિભાગે આગમચેતી રૂપે જિલ્લાઓને પત્રો દ્વારા જાણ કરી છે. જેમાં ખાસ કરીને જિલ્લા કક્ષાએ આરોગ્ય અધિકારીઓને હીટવેવની તૈયારી કરવા સૂચના આપી છે. જે અંતર્ગત સફેદ અને સુતરાઉ કપડા પહેરવા, પાણી પીવા બાબતે સૂચના અપાઈ તો હેલ્થ એન્ડ વેલનેસ સેંટર, CHC-PHC પર માર્ગદર્શન અપાશે. એપેડેમિક ડિસિઝ ડેપ્યુટી ડાયરેક્ટર જયેશ કતીરાએ જણાવ્યું હતું કે, અમદાવાદ, વડોદરા અને ગાંધીનગરમાં વધુ ગરમી છે.

આ સાથે તેમણે ઉમેર્યું કે, જિલ્લા વાર ગરમીની સ્થિતિ અલગ અલગ છે. તેમણે કહ્યું કે, અત્યા રસુધી ૨૪૯ હીટ સ્ટ્રોક દેખાયા છે જેમાંથી કોઈ ગંભીર કેસ નથી. રાજ્યના અનેક શહેરમાં ગરમીનો પારો વધી રહ્યો છે. અમદાવાદમાં પણ ૩ દિવસ ઓરેન્જ એલર્ટની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ૧૧ અને ૧૨ મેના રોજ શહેરમાં ત્વચાને દઝાડતી ગરમીનો પ્રકોપ વધીને ૪૩ ડિગ્રીએ પહોંચવાનો છે.

અમદાવાદમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવતા સોલા સિવિલ હોસ્પિટલ ખાતે હિટ સ્ટ્રોક વોર્ડ બનાવવામાં આવ્યો છે. સોલા સિવિલ હોસ્પિટલ ખાતે ગરમીથી હિટ સ્ટ્રોક થયેલા દર્દીઓ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. સિવિલ ખાતે તાત્કાલિક ૧૦ બેડ ઉભા કરાયા છે. બપોરે ગરમીમાં કામ વગર બહાર ન નીકળવા તબીબોની અપીલ કરવામાં આવી છે

### મારી સાથે આતંકી જેવું વર્તન કર્યું : ઈમરાન ખાન

# સુપ્રીમના આદેશ બાદ ઈમરાન ખાનને છોડી દેવામાં આવ્યા

## સુપ્રીમ કોર્ટે ઈમરાન ખાનને શુક્રવારે (૧૨ મે)ના રોજ ઈસ્લામાબાદ હાઈકોર્ટમાં હાજર થવા જણાવ્યું છે

ઈસ્લામાબાદ, તા.૧૧

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનને સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે તેમની ધરપકડને ગેરકાયદેસર જાહેર કરી હતી. આ પહેલા ચીફ જસ્ટિસે તેમને તાત્કાલિક મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે ઈમરાન ખાનને શુક્રવારે (૧૨ મે)ના રોજ ઈસ્લામાબાદ હાઈકોર્ટમાં હાજર થવા જણાવ્યું છે. આ સાથે પાક ચીફ જસ્ટિસની બેન્ચે કહ્યું કે તમારે (ઈમરાન ખાન) હાઈકોર્ટના નિર્ણયને સ્વીકારવો પડશે.

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસે ઈમરાન ખાનની ધરપકડ બાદ એનએબીને ફટકાર લગાવી. ત્રણ જજોની બેંચે સુનાવણી દરમિયાન કહ્યું કે એનએબીએ કોર્ટનું અપમાન કર્યું છે. ચીફ જસ્ટિસ ઉમર અતા બંદિયાલે ઈમરાન ખાનની કોર્ટ પરિસરમાંથી ધરપકડ પર સવાલ ઉઠાવ્યા હતા.

આ સાથે કોર્ટે ગુરૂવારે નેશનલ એકાઉન્ટિબિલિટી બ્યૂરોને ઈમરાન ખાનને એક કલાકમાં હાજર કરવાનો આદેશ આપ્યો હતો. કોર્ટમાં રજૂ કર્યા બાદ ચીફ જસ્ટિસે ઈમરાન ખાનને છોડવાનો આદેશ આપ્યો છે.

ચીફ જસ્ટિસ ઉમર અતા બંદિયાલે કહ્યું કે કોર્ટ આ મામલે ખૂબ જ ગંભીર છે. આ મામલે કોર્ટ આજે જ યોગ્ય આદેશ જારી કરશે. ચીફ જસ્ટિસ બંદિયાલે કહ્યું કે કોર્ટ પરિસરમાંથી વ્યક્તિની ધરપકડ કેવી રીતે થઈ શકે. કોર્ટની પોતાની ગરિમા છે. ઈમરાન ખાનની ધરપકડ બાદ કોર્ટમાં કોઈ સુરક્ષિત અનુભવી શકશે નહીં. કોર્ટ પરિસરમાં ધરપકડ એ ખતરનાક વલણ છે. આ બંધ થવું જોઈએ.

- સુપ્રીમ કોર્ટે કહ્યું કે, અમે ઈસ્લામાબાદ હાઈકોર્ટને નિર્દેશ આપીએ છીએ કે અરજીની સુનાવણી ૧૨ મેએ સવારે ૧૧ કલાકે કરવામાં આવે. - કોર્ટમાં ઈમરાન ખાને કહ્યુ કે, તે અપીલ કરે છે કે તેને ઘરે જવા દેવામાં આવે. તેના પર ચીફ જસ્ટિસે કહ્યું કે તમારા ઘરને પણ સળગાવી શકાય છે.

- ઈમરાન ખાને કોર્ટમાં કહ્યું કે, કેટલુંક કોર્ટ અને કાયદાના હાથમાં છે. અમે દેશમાં માત્ર ચૂંટણી ઈચ્છીએ છીએ.

- છોડવાના આદેશ બાદ કોર્ટમાંથી નિકળતા ઈમરાન ખાને કહ્યુ કે, મને લાકડીથી મારવામાં આવ્યો. મારી સાથે ખરાબ વર્તન કરવામાં આવ્યું.

### ચેટજીપીટી સાથે હરિફાઈ કરવા માટે ક્વાયત

# ટેક જાયન્ટ ગૂગલે ભારતમાં એઆઈ ટૂલ બાર્ડ લોન્ચ કર્યું

## ગૂગલની કન્વર્સેશન જનરેટિવ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ચેટબોટ સર્વિસ ભારત સહિત ૧૮૦થી વધુ દેશોમાં શરૂ

વોશિંગ્ટન, તા.૧૧

ટેક જાયન્ટ કંપનીઓમાં એક ગૂગલે ભારતમાં તેનું એઆઈટૂલ બાર્ડલોન્ચ કર્યું છે. ગુગલ બાર્ડને ઓપનએઆઈના ચેટજીપીટીસાથે હરિફાઈ કરવા માટે લાવવામાં આવ્યું છે.

ગૂગલની કન્વર્સેશન જનરેટિવ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ચેટબોટ સર્વિસ ભારત સહિત ૧૮૦થી વધુ દેશોમાં શરૂ કરવામાં આવી રહી છે. કેલિફોર્નિયાના માઉન્ટેન વ્યૂમાં કંપનીના મુખ્યમથક ખાતે આયોજિત તેની વાર્ષિક ડેવલપર કોન્ફરન્સ, ગૂગલ આઈ/ઓખાતે કંપનીએ આજે આ જાહેરાત કરી હતી.

ભારત સહિત વિશ્વના ૧૮૦થી વધુ દેશોમાં બાર્ડલોન્ચ કરવામાં આવ્યું છે. આ જાહેરાત ગૂગલના સીઈઓ સુંદર પિચાઈએ કરી હતી. એઆઈટૂલ બાર્ડ લોન્ચ કરતાં પિચાઈએ જણાવ્યું હતું કે, "જેમ-જેમ એઆઈમોડલ વધુ સારાને સારા અને સક્ષમ બનતા જાય છે, તેમ તે આપણી સાથે સીધું જોડવા લાગ્યું છે.

આ એક ચેટબોટ સેવા છે, જે ચેટજીપીટીજેવી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર આધારિત છે. જોકે હજુ સુધી બાર્ડને લોન્ચ કરવામાં આવ્યું નથી. પરંતુ કંપનીએ તે કેવી રીતે કામ કરે છે અને તેના ફીચર્સ વિશે કેટલીક માહિતી આપી છે. મળતી માહિતી મુજબ, બાર્ડ લાએમડીએટેક્નોલોજીનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યું છે.

### અમેરિકામાં સિટિઝનશિપ એક્ટ રજુ કરાયો

# ૧.૧૦ કરોડ ડોક્યુમેન્ટ વગરના ઇમિગ્રન્ટ્સને સિટિઝનશિપ અપાશે

વોશિંગ્ટન, તા.૧૧

અમેરિકામાં સત્તાધારી ડેમોક્રેટિક પાર્ટીએ બુધવારે સિટિઝનશિપ એક્ટ રજુ કર્યો છે જેના કારણે દાયકાઓથી ગ્રીન કાર્ડની રાહ જોઈ રહેલા ઈમિગ્રન્ટ્સને મોટો ફાયદો થવાનો છે. હાલમાં ગ્રીન કાર્ડઈશ્યૂ કરવા માટે દેશ મુજબ ક્વોટાનું પાલન કરવામાં આવે છે. પરંતુ સિટિઝનશિપ એક્ટ અમલમાં આવે ત્યાર પછી આ ક્વોટા નાબૂદ કરવામાં આવશે. એટલે કે કોઈ દેશના ઓછામાં ઓછા આટલા લોકોને ગ્રીન કાર્ડ આપવા તેવો કોઈ નિયમ નહીં રહે. આ ઉપરાંત એચ-૧બીવિઝા સિસ્ટમમાં પણ ફેરફાર કરવામાં આવશે.

તેના હેઠળ અમેરિકામાં વસતા તમામ ૧.૧૦ કરોડ ડોક્યુમેન્ટ વગરના ઈમિગ્રન્ટ્સને સિટિઝનશિપ આપવાની યોજના છે. તેમાં ડ્રીમર્સ, ટીપીએસ હોલ્ડર્સ અને કેટલાક ફાર્મ વર્કર્સ પણ સામેલ હશે. અમેરિકામાં જે અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સ બેકગ્રાઉન્ડ ચેકમાં પાસ થયા હશે અને ટેક્સ ભરતા હશે તેમને પાંચ વર્ષમાં સિઝિટનશિપ મળી જશે અને આ લોકોને ડિપોર્ટેશનની ચિંતા કરવી નહીં પડે. આ કાયદા હેઠળ દરેક દેશનો ક્વોટા દૂર કરાશે અને એમ્પ્લોયમેન્ટ આધારિત ઈમિગ્રેશન સિસ્ટમ રાખવામાં આવશે. અમેરિકન યુનિવર્સિટીઓમાંથી સ્ટીમએટલે કે સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને મેથ્સમાં એડવાન્સ્ડ ડિગ્રી મેળવનારા લોકો માટે અમેરિકામાં રહેવાનું આસાન બની જશે. ઓછું વેતન હોય તેવી ઈન્ડસ્ટ્રીમાં કામ કરતા વર્કર્સ માટે પણ ગ્રીન કાર્ડ મેળવવાનું સરળ બનશે. તેથી એચ-૧બીહોલ્ડર્સના આશ્રિતોને વર્ક ઓથોરાઈઝેશન મળશે અને એચ-૧બીહોલ્ડર્સના બાળકોને ઘણો ફાયદો થશે.

આ એક્ટ હેઠળ એક પાઈલોટ પ્રોગ્રામ રચાશે જેથી પ્રાદેશિક ઈકોનોમિક ડેવલપમેન્ટ વધશે અને નોન-ઈમિગ્રન્ટ્સને પણ વધુ સારું વેતન મળશે, તેમને હાઈ-સ્કીલ્ડ વિઝા આપી શકાશે જેથી તેમને અનફેર કોમ્પિટિશન સામે રક્ષણ મળે.

સિટિઝનશિપ એક્ટ હેઠળ ફેમિલી બેઝ્ડ ઈમિગ્રેશન સિસ્ટમ રચવામાં આવશે જેથી પરિવારો વિખુટા ન પડે અને એક સાથે રહી શકે.

તેમાં અગાઉના વર્ષોના વિઝા રિકેપ્ચર કરીને બેકલોગ દૂર કરાશે. નવા કાયદા પ્રમાણે સજાતિય સંબંધો ધરાવતા એલજીબીટીક્યુ પરિવારો સામેનો ભેદભાવ દૂર કરાશે અને અનાથ, વિધવા, તથા બાળકોને રક્ષણ મળશે. એપ્રૂવ્ડ ફેમિલી સ્પોન્શરશિપ એપ્લિકેશન કરનારા લોકો ગ્રીન કાર્ડની રાહ જોતા હોય તે દરમિયાન તેમના પરિવારને કામચલાઉ ધોરણે યુએસમાં રાખી શકશે. સિટિઝનશિપ એક્ટ રજુ કરનારા સાંસદ સ્વયં મેક્સિકોથી આવેલા એક ઈમિગ્રન્ટના પુત્રી છે.

તેઓ માને છે કે યુએસ સિટિઝનશિપ એક્ટથી અમેરિકાના અર્થતંત્રનો ઝડપી ગ્રોથ કરી શકાશે, યુએસની સરહદો વધુ સુરક્ષિત બનશે અને અમેરિકામાં વસતા અને વર્ષોથી કામ કરતા લાખો ઈમિગ્રન્ટ્સને સિટિઝનશિપ મળશે.

### પરિણીતી ચોપરા અને રાઘવ દિલ્હીમાં કરશે સગાઈ

# પરિણીતી-રાઘવના લગ્નમાં ૧૫૦ મહેમાનોને આમંત્રણ

**પરિણીતી અને રાઘવ લગભગ બે મહિના પહેલા મુંબઈમાં સાથે દેખાયા હતા અને ત્યારથી તેમની ડેટિંગની ચર્ચાએ જોર પકડ્યું છે**



મુંબઈ, તા.૧૧

બોલિવુડ એક્ટ્રેસ પરિણીતી ચોપરા અને આમ આદમી પાર્ટીના નેતા રાઘવ ચઢ્ઢા વચ્ચે અફેર ચાલી રહ્યું હોવાની ચર્ચા છેલ્લા થોડા મહિનાથી ચાલી રહી છે. પરિણીતી અને રાઘવ આશરે બે મહિના પહેલા મુંબઈમાં લંચ અને ડિનર ડેટ પર જોવા મળ્યા હતા અને ત્યારથી જ બંને વચ્ચે કંઈક રંધાઈ રહ્યું હોવાની અટકળો શરૂ થઈ હતી. જે બાદ કેટલીય વાર તેઓ મુંબઈ અને દિલ્હી એરપોર્ટ પર સાથે દેખાયા હતા. હવે ચર્ચા છે કે, પરિણીતી અને રાઘવ સગાઈ કરવાના છે. પરિણીતી અને રાઘવ ચઢ્ઢા ૧૩ મેના રોજ દિલ્હીમાં સગાઈ કરવાના છે. કપલે આ માટે શોપિંગ પણ કરી લીધી છે તેમ કહેવાઈ રહ્યું છે. મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો, ૧૩ મેના રોજ રાઘવ અને પરિણીતીની સગાઈ થશે અને તેમાં ૧૫૦ મહેમાનોને આમંત્રણ અપાયું છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને રાજકારણ સાથે સંબંધ ધરાવતા ૧૫૦ લોકોને સગાઈમાં આમંત્રણ અપાયું છે. મીડિયા રિપોર્ટ્સમાં સગાઈ અંગે કેટલીય વાતો લખાઈ રહી છે પરંતુ પરિણીતી અને રાઘવ આ મુદ્દે મૌન સેવીને બેઠા છે. અગાઉ પણ સગાઈની ખબરો આવી હતી પરંતુ તેમણે કોઈ પ્રતિક્રિયા નહોતી આપી.

પરિણીતી ચોપરા અને રાઘવ ચઢ્ઢા મંગળવારે મુંબઈ એરપોર્ટ પર જોવા મળ્યા હતા. પરિણીતી લાલ રંગનો કો-ઓર્ડ સેટ પહેર્યો હતો જ્યારે રાઘવે બ્લેક શર્ટ અને બેજ રંગનું પેન્ટ પહેર્યું હતું. તેઓ દિલ્હી જવા રવાના થયા હતા. એરપોર્ટ પર મીડિયાના ફોટોગ્રાફર્સે પૂછ્યું કે, 'લગ્નમાં બોલાવશો ને?' ત્યારે કંઈપણ બોલવાના બદલે પરિણીતી ખાલી શરમાઈ હતી અને સ્મિત કર્યું હતું. થોડા દિવસ પહેલા જ પરિણીતી ચોપરા અને રાઘવ ચઢ્ઢા પંજાબ સુપર કિંગ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચેની મેચ જોવા માટે પહોંચ્યા હતા. મોહાલીમાં આ મેચ યોજાઈ હતી ત્યારે પરિણીતીને રાઘવ સાથે ત્યાં જોઈને લોકોએ 'પરિણીતી ભાભી જિંદાબાદ'ના નારા લગાવ્યા હતા. આ જોઈને પરિણીતી હસી પડી હતી.

પરિણીતી અને રાઘવ પોતાના સંબંધ વિશે કંઈ બોલવા તૈયાર નથી. પરંતુ તેમના નજીકના લોકો સંબંધ પર મહોર લગાવી ચૂક્યા છે. અગાઉ આપના નેતાએ ટ્વિટ કરીને કપલને શુભેચ્છા આપી હતી. એક્ટર-સિંગર હાર્ડી સંધુએ પરિણીતી અને રાઘવ રિલેશનશીપ માં હોવાનું કન્ફર્મ કર્યું હતું. આ તરફ ચર્ચા તો એવી પણ થઈ રહી છે કે, આ વર્ષે ઓક્ટોબર મહિનામાં પરિણીતી અને રાઘવ લગ્ન કરી શકે છે.

### જહાન્વી હંમેશા ફેન્સને નવા ન્યૂઝ આપતી હોય છે

# કૂટનીતિની દુનિયામાં રહસ્યોની કિંમત વધારે : જહાન્વી કપૂર

**અભિનેત્રી જહાન્વી કપૂરના આ લુકસને ફેન્સ ખૂબ પસંદ કરી રહ્યા છે, જહાન્વી કપૂરે બે તસવીર શેર કરી છે**



મુંબઈ, તા.૧૧

જહાન્વી કપૂર આજની પેઢીની સૌથી બેસ્ટ એક્ટ્રેસમાંથી એક છે. જાહન્વી કપૂર જલદી એક આઈએફએસ અધિકારીની ભૂમિકામાં જોવા મળશે. જહાન્વી કપૂર ટૂંક સમયમાં ફિલ્મ ઉલઝમાં જોવા મળશે.

એક્ટ્રેસે હાલમાં આ ફિલ્મની ઘોષણા કરી છે, જેમાં જણાવ્યુ છે કે જેમાં હું રોશન મેથ્યુ અને ગુલશન દેવૈયા સાથે સહ-કલાકાર હશે. ફિલ્મનું નિર્દેશન સુધાંશુ સરિયા કરશે. નાની ઉંમરમાં જહાન્વી કપૂરે અનેક પ્રકારની સિદ્ધિઓ મેળવી છે.

જહાન્વી કપૂરનો ફેન્સ વર્ગ બહુ મોટો છો. આ વિશેની જાણકારી અભિનેત્રીએ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પહેલો લુક અને નામ શેર કર્યુ છે. આ સાથે કેપ્શનમાં લખ્યુ હતુ કે કૂટનીતિની દનિયામાં રહસ્યોની કિંમત વધારે છે. Ulajh ફિલ્મનું શૂટિંગ મહિનાના અંતમાં શરૂ થશે. જહાન્વી કપૂરના આ લુકસને ફેન્સ ખૂબ પસંદ કરી રહ્યા છે. જહાન્વી કપૂરે બે તસવીર શેર કરી છે. પહેલી તસવીરમાં જહાન્વી કપૂરની વચ્ચે ગુલશન દેવૈયા, રોશન મેથ્યુ, રાજેશ તૈલંગ, મિયાંગ ચાંગ, સચિન ખેડેકર, રાજેન્દ્ર ગુપ્તા અને જીતેન્દ્ર જોશી એની સાથે ઉભા છે. ફિલ્મની વાત કરતા જહાન્વી કપૂર જણાવે છે કે Ulajh ફિલ્મની કહાની માટે સંપર્ક કરવામાં આવ્યો હતો. આ કહાની મને બહુ ગમી હતી કારણકે એક અભિનેતાના રૂપમાં સતત એવી કહાનીઓની રાહ જોતી હોવુ છું જે મારા કમ્ફોર્ટ જોનથી બહાર કાઢીને એક ચરિત્રને ચિત્રિત કરવામાં મદદ કરે છે. નોંધનીય છે કે ભારતીય વિદેશ સેવાની પ્રસિદ્ધ દુનિયા પર આધારીત હતુ. આમ, જયારે ફિલ્મના નામની જાણ થઈ ત્યારે આ અનેક ભાવનાઓની પેરામીટર છે જે એક સમયમાં રોમાચંક ઉભુ કરી શકે છે.

જહાન્વી વધુમાં જણાવે છે કે આ નવી ભૂમિકામાં દર્શકો મને ખૂબ પસંદ કરશે. જંગલી પિક્ચર્સ દ્વારા નિર્મિત આ મહિનાના અંતમાં આ ફિલ્મનું શૂટિંગ શરૂ થશે. આમ, તમને જણાવી દઈએ કે જહાન્વી કપૂર મલ્ટી ટેલેન્ટેડ છે. જહાન્વીના ફેન્સ આ રોલમાં જોવા માટે આતુર થઈ ગયા છે. જહાન્વી કપૂર સોશિયલ મીડિયામાં ઘણી એક્ટિવ રહે છે. લેટેસ્ટ તસવીરો શેર કરીને જહાન્વી ફેન્સને ગુડ ન્યૂઝ આપતી હોય છે.

### ભીડે સાથે થશે ઘમાસાણ !

# સોનુને ઘરની વહુ બનાવવા તૈયાર થશે જેઠાલાલ?

**ભીડેએ આ મુદ્દા પર ઝઘડો કરવા માટે જેઠાલાલને ફોન કર્યો, જેઠાલાલ, જે કામમાં વ્યસ્ત હતા તેમણે બેક ટુ બેક ફોન ડિસ્કનેક્ટ કર્યો**



મુંબઈ, તા.૧૧

તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા શો છેલ્લા ૧૫ વર્ષમાં દર્શકોને ક્યારેય પણ મનોરંજન પૂરું પાડવામાં નિષ્ફળ રહ્યો નથી અને હાલનો ટ્રેક તો ખૂબ જ મજેદાર દેખાડવામાં આવી રહ્યો છે. વાત એમ છે કે, ટપ્પુ અને સોનુ નાના હતા ત્યારથી જ ભીડેને એક ચિંતા સતાવતી હતી કે ક્યાંક તેઓ એકબીજાને ડેટ ન કરવા લાગે. તેનો આ ડર સાચો પડી રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. રિયુનિયનના બહાને ટપ્પુ સોનુને ગાર્ડનમાં લઈ ગયો અને ત્યાં જઈને ઘૂંટણિયે બેસી પ્રપોઝ કર્યું, તેણે તેને ગુલાબનું ફૂલ પણ આપ્યું. આ બધું તેમનો પીછો કરી રહેલો ભીડે જોઈ ગયો. જે બાદ બંનેને પકડીને તેઓ અહીં શું કરી રહ્યા છે તેમ પૂછ્યું. તે તરત જ ઘરે ગયો અને પત્ની માધવીને ટપ્પુએ સોનુને ગ્રીટિંગ કાર્ડ સાથે ગુલાબનું ફૂલ આપ્યું હોવાનું જણાવ્યું. માધવીએ જવાબમાં કહ્યું કે, તેને તેની દીકરી પર પૂરો વિશ્વાસ છે અને કંઈ ચિંતા કરવા જેવું નથી. આ સાંભળી ભીડેને ગુસ્સો આવ્યો અને માધવીને પહેલા ગ્રીટિંગ કાર્ડ વાંચવા બાદ ટપ્પુ તેમજ સોનુ પર ભરોસો કરવો કે નહીં તે નક્કી કરવા કહ્યું. માધવીએ કાર્ડ ચેક કર્યું તો તેમા 'આઈ લવ યુ માટ એન્જલ' લખેલું વાંચીને ચોંકી ગઈ. બાદમાં ભીડેએ આ મુદ્દા પર ઝઘડો કરવા માટે જેઠાલાલને ફોન કર્યો. જેઠાલાલ, જે કામમાં વ્યસ્ત હતા તેમણે બેક ટુ બેક ફોન ડિસ્કનેક્ટ કર્યો. આ વાતથી ગુસ્સે થયેલા ભીડેએ તેમને વારંવાર ફોન કરવાનું ચાલુ રાખ્યું. જેઠાલાલ કંટાળીને કોલ રિસીવ કર્યો અને હવે શું થયું તેમ પૂછ્યું. પહેલા તો ભીડેએ તે તેમની દુકાને જઈ રહ્યો હોવાનું કહ્યું અને બાદમાં રાતે તેમના જ ઘરે જઈને શું થયું તેની વિગતવાર જાણકારી આપશે તેમ નક્કી કર્યું. ભીડેએ જેઠાલાલને કહ્યું કે, જે ખબર તે આપવનો છે તે સાંભળીને તેમના પગ તળેથી જમીન સરકી જશે. જેઠાલાલ ચિંતા કરવા લાગ્યા અને સૌથી પહેલો ફોન પરમમિત્ર તારક મહેતાને ફોન કર્યો બાદમાં, તારકે ફોન પર અંજલીને જેઠાલાલ અને ભીડેના ઝઘડા વિશે જણાવ્યું. અંજલીએ આ વિશે કોમલને અને કોમલે બબિતાને કહ્યું. ગોકુલધામ સોસાયટીને ભીડે અને જેઠાલાલની ચિંતા થઈ રહી છે તેમજ મુદ્દો શું હશે તે પણ અટકળો લગાવી રહ્યા છે. ભીડેએ નક્કી કરી લીધું છે કે, તે સોનુને ગોકુલધામ સોસાયટીમાં નહીં રહેવા દે અને તેને ગામડે મોકલી દેજે. તે આગળનો અભ્યાસ ત્યાં જ કરશે અને લગ્ન પણ ત્યાંના કોઈ છોકરા સાથે કરાવશે. આ જાણી ટપ્પુ અને સોનુ બંને પરેશાન થાય છે. સોનુ કોઈ પણ સ્થિતિમાં ગામડે જવા માગતી નથી. પરંતુ ભીડે પોતાના નિર્ણયથી ટસનો મસ થવા માગતો નથી.

### પતિ શમ્મી કપૂરેની પણ ન માની વાત

# શમ્મી કપૂરની બીજી પત્નીએ સાવકા બાળકોને સગાની જેમ ઉછેર્યા

**શમ્મી કપૂરના જીવનમાં નીલા દેવી આવી જેણે અભિનેતા સાથે લગ્ન કર્યા પછી માતા ન બનવાનો નિર્ણય કરીને બધાને ચોંકાવી દીધા**



મુંબઈ, તા.૧૧

શમ્મી કપૂરનો બેબાક અંદાજ જેટલો ફિલ્મોમાં હતો તેટલો રીયલ લાઈફમાં પણ જોવા મળતો હતો. તે હંમેશા પોતાના દિલની વાત સાંભળતો હતો. કપૂર પરિવારની સંમતિ વિના, તેણે ગીતા બાલી સાથે લગ્ન કર્યા, જેમના પ્રેમની વાર્તાઓ ફિલ્મ વર્તુળોમાં વ્યાપકપણે વર્ણવવામાં આવે છે. ભાગ્યએ તેમને ખૂબ જ જલ્દી અલગ કરી દીધા. ગીતા બાલીનું વર્ષ ૧૯૬૫માં સ્મોલ પોક્સ રોગને કારણે અવસાન થયું હતું. આ પછી, શમ્મી કપૂરના જીવનમાં નીલા દેવી આવી જેણે અભિનેતા સાથે લગ્ન કર્યા પછી માતા ન બનવાનો નિર્ણય કરીને બધાને ચોંકાવી દીધા. જ્યારે શમ્મી કપૂરની પહેલી પત્ની ગીતા બાલીએ દુનિયા છોડી દીધી ત્યારે તે બે સુંદર બાળકોની માતા હતી જેમની આગળ આખી જિંદગી હતી. પિતા શમ્મી કપૂર બાળકોને ખૂબ પ્રેમ કરતા હતા, પરંતુ માતાનું સ્થાન કોઈ લઈ શકે? શમ્મી કપૂરે ફરીથી લગ્ન કર્યા અને નીલા દેવી તેમની બીજી પત્ની તરીકે ઘરે આવી. નીલા દેવીએ આવતાની સાથે જ ગીતા બાલીના બાળકોની સંભાળ લીધી અને તેમને માતૃત્વનો પ્રેમ આપ્યો. જ્યારે નીલા દેવીએ જીવનભર માતા ન બનવાનો નિર્ણય કર્યો ત્યારે બધાએ તેમને મનાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેમણે પોતાનો નિર્ણય બદલ્યો નહીં. નીલા દેવીએ થોડા સમય પહેલા ઈંદ્રીજ સાથે વાત કરી હતી. જ્યારે તેને માતા ન બનવાના નિર્ણય વિશે પૂછવામાં આવ્યું તો તેણે કહ્યું કે, તે આવો નિર્ણય લેવા માટે લાચાર નથી. આ તેમનો નિર્ણય હતો, જેના સંદર્ભમાં પરિવારના સભ્યોએ તેમને વિવિધ પ્રશ્નો પૂછ્યા. નીલા દેવીએ આ નિર્ણય પાછળનું ચોક્કસ કારણ આપ્યા વિના, એક કિસ્સો સંભળાવ્યો, જે તેના લગ્ન પછી તરત જ બન્યો હતો. નીલા દેવી તેની બહેનના બાળકોને ખૂબ લાડ કરતી હતી. લગ્ન પછી જ્યારે તે પોતાની બહેનના બાળકોને મળવા ગઈ તો શમ્મી કપૂરે જોયું કે, નીલા દેવી તેની બહેનના બાળકોને ખોળામાં લઈને બેઠી છે. તે સમયે શમ્મી કપૂરે નીલા દેવીને કંઈ કહ્યું નહોતું, પરંતુ જ્યારે તેઓ ઘરે આવ્યા ત્યારે તેમણે એક જ વાક્ય કહ્યું હતું, 'જે દિવસે કંચન અને આદિત્ય તમારા ખોળામાં આવી રીતે બેઠા હશે તે દિવસે હું ખૂબ જ ખુશ થઈશ. ૮૨ વર્ષીય નીલા દેવીનો તેના સાવકા બાળકો કંચન અને આદિત્ય પ્રત્યેનો સ્નેહ જાગ્યો. નીલા દેવીએ જણાવ્યું કે, તે દિવસે તેણે નક્કી કર્યું કે, શમ્મીના બાળકો પણ તેના બાળકો બની જાય. તે કહે છે, 'બાળકોએ પણ મને નિરાશ ન કર્યો. તેણે મને પ્રેમ કર્યો અને આદર આપ્યો, મારી સંભાળ લીધી. મને એક વાર પણ એ વાતનો અફસોસ નથી થયો કે મેં મારા બાળકોને જન્મ આપ્યો નથી. શમ્મી કપૂરે તેમને ઘણી વખત તેમના નિર્ણય પર વિચાર કરવા કહ્યું. નીલા દેવીએ કહ્યું, 'તેણે પૂછ્યું- તમે માતા કેમ નથી બનવા માગતા? હું કહીશ - હું મારા બાળકો સાથે ખૂબ ખુશ છું. તેણે બાળકો સાથેનો મારો સહવાસ જોયો હતો. શમ્મી કપૂરના પુત્રએ તેની સાવકી માતા વિશે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, 'તેણે પોતાના બાળકોને જન્મ આપવાનો નિર્ણય લીધો ન હતો. કેટલી સ્ત્રીઓ આ કરી શકે છે? શમ્મી કપૂર જેવી વ્યક્તિ અને તેના બાળકોની સંભાળ રાખવી ક્યારેય આસાન નહોતું.

### પ્રિયંકા ચોપરા તેની પ્રોફેશનલ લાઈફમાં વ્યસ્ત છે

# દાદી અને નાની રાખે છે માલતી મેરીની સંભાળ

**એક્ટ્રેસે ઉમેર્યું હતું કે, માલતી પરિવારમાં કોઈની સાથે ન હોય તો હું કામ પર જઈ શકતી નથી, જો કે મારી મમ્મી તેને ખૂબ પ્રેમ કરે છે**

મુંબઈ, તા.૧૧

પ્રિયંકા ચોપરા અને નિક જોનસ લગ્નના ત્રણ વર્ષ બાદ દીકરી માલતી મેરીના મમ્મી-પપ્પા છે. એમએમનો (માલતી મેરીનું હુલામણું નામ) જન્મ સરોગસીથી જાન્યુઆરી ૨૦૨૨માં થયો હતો. નાનકડી માલતી મેરી આ કપલના જીવનમાં ખુશીઓનો ખજાનો લઈને આવી છે અને એક્ટ્રેસનું કહેવાનું માનીએ તો, તેના જન્મ બાદ તેમના જીવનમાં પોઝિટિવ ફેરફાર થયા છે. અપકમિંગ ફિલ્મ 'લવ અગેઈન'ના પ્રમોશનના સંદર્ભમાં આપેલા એક ઈન્ટરવ્યૂમાં તેણે તેમ પણ કહ્યું હતું કે જ્યારે તે કામમાં વ્યસ્ત હોય છે ત્યારે મમ્મી મધુ ચોપરા અને સાસુ ડેનિસ જોનસ માલતી મેરીને સાચવે છે. આ સિવાય પતિ પણ તેને ખૂબ સપોર્ટ કરે છે. પ્રિયંકા ચોપરા ટીનેજર હતી ત્યારથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં નોન-સ્ટોપ કામ કરી રહી છે. ત્યારે ઈન્ટરનેશનલ શોમાં હાજરી આપવા દરમિયાન તેને દીકરીના જન્મ બાદ શું તે સ્લો-ડાઉન થયું છે કે કેમ તેમ પૂછવામાં આવ્યું હતું. જેના જવાબમાં એક્ટ્રેસે કહ્યું હતું કે 'હા ખરેખર, હું ખરેખર કૃતજ્ઞ છું કે, મારી સાથે તે એવા સમયે થયું જ્યારે સમય હતો. 'અરે હું કામ પર જઈ શકીશ નહીં' અથવા એક વર્ષની રજા લેવાની ક્ષમતા દરેકમાં હોતી નથી. પરંતુ મેં તેમ કર્યું. મેં એક વર્ષની રજા લીધી અને હું તેવી વ્યક્તિ છું વર્ષમાં ચાર ફિલ્મો કરી છે કારણ કે હું લોભી છું. હું નહોતી ઈચ્છતી કે મારું કામ કોઈ અન્યને આપવામાં આવે. કારણ કે ઘણીવાર ફરીથી તે કામ મળતું નથી. મારામાં હજી પણ તે એનર્જી છે. પરંતુ જ્યારે માલતી મેરી આવી ત્યારે બીજું કંઈ મહત્વનું નહોતું. તે મારું ઘરે આવવાનું સિગ્ન છે. હું જ્યાં પણ જાઉ, મારે ઘરે આવવું પડે છે. તે દરેક જગ્યાએ મારી સાથે હોય છે. એક્ટ્રેસે ઉમેર્યું હતું કે, 'માલતી પરિવારમાં કોઈની સાથે ન હોય તો હું કામ પર જઈ શકતી નથી. જો કે, મારી મમ્મી તેને ખૂબ પ્રેમ કરે છે. માલતી અત્યારે મારા સાસુ પાસે છે. નિક અને મને મારા મમ્મી તેમજ સાસુ તરફથી ઘણો સપોર્ટ મળે છે'. પ્રિયંકા આ વાતમાં બધી હીરોઈન કરતાં એકદમ અલગ પડે છે. તેણે દીકરી માટે આયા રાખી નથી પરંતુ પરિવારના સભ્યોની તે ક્લોઝ રહે તે ધ્યાનમાં રાખ્યું છે. ગત મહિને જ પ્રિયંકા ચોપરા અને નિક જોનસ દીકરીને લઈને મુંબઈ આવ્યા હતા, આ માલતી મેરીનો પહેલો ભારતીય પ્રવાસ હતો. એક વર્ષની ઢીંગલીને અહીંયાનું વાતાવરણ કેવું લાગ્યું તેનો ખુલાસો કરતાં એક્ટ્રેસે જણાવ્યું હતું કે 'તેને ભારતની દરેક વાત ગમી હતી... જગ્યા અને અવાજથી લઈને બધું જ. તેને કારમાં બેસાડવી સૌથી મોટો ઈશ્યૂ બની ગયો હતો. તેના એક હાથમાં પનીર રહેતું હતું અને બીજો હાથ પનીર સાથે મોંમાં રહેતો હતો. તેને ભારતીય વ્યંજનો ભાવ્યા હતા. તેને અહીંયાનો અવાજ ગમ્યો હતો. પરિવાર તરીકે અમે ત્યાં જઈ શક્યા તેની મને ખુશી છે. તે ટ્રિપ ખૂબ જ ખાસ હતી'.

# આદિપુરૂષના ટ્રેલર લોન્ચમાં કૃતિને જ ન મળી જગ્યા

**કૃતિ સેનન સ્ટેજથી ઉતરીને ઓડિયન્સ સીટ તરફ આગળ વધી હતી, પરંતુ ત્યાં પહેલાંથી જ લોકો જ ખુરશી પર બેઠા હતા**





મુંબઈ, તા.૧૧

રામાયણની સ્ટોરી પર બનેલી ફિલ્મ આદિપુરૂષ અત્યારે ઘણી ચર્ચામાં છે. આ ફિલ્મમાં અભિનેતા પ્રભાસ ભગવાન શ્રીરામની ભૂમિકામાં અને અભિનેત્રી કૃતિ સેનન સીતા માતાની ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મનું ટ્રેલર સોમવારે રિલીઝ થઈ ગયું છે,

જેને લોકો ખૂબ પસંદ કરી રહ્યા છે. હવે આ ટ્રેલર લોન્ચ દરમિયાન કંઈક એવું થયું, જે પહેલાથી કંઈ નક્કી નહતું. તેમ જ તે કેમેરામાં પણ કેદ થઈ ગયું હતું. અભિનેત્રી કૃતિ સેનન સેલિબ્રિટીઝ અને ક્રૂની ભીડની વચ્ચે સિનેમા હૉલમાં જમીન પર બેસી ગઈ હતી અને આ જોઈને તેના ફેન્સ તેના વખાણ કરતા રોકી શકતા નથી. થયું એવું કે, કૃતિ સેનન સ્ટેજથી ઉતરીને ઑડિયન્સ સીટ તરફ આગળ વધી હતી, પરંતુ ત્યાં પહેલાંથી જ લોકો જ ખુરશી પર બેઠા હતા. કૃતિ લોકોને ડિસ્ટર્બ કરવા નહતી માગતી. એટલે તે તરત જ દર્શકોની લાઈનમાં જઈને નીચે જમીન પર બેસી ગઈ. જોકે, કૃતિ આવું કંઈ કરશે તેવું લોકોએ વિચાર્યું પણ નહતું. વાઈરલ થયેલા વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે, કૃતિ સેનન જેવી જમીન બેઠી તે સમયે તેની આસપાસ બેઠેલા લોકો તેને જોઈને વિચારમાં પડી ગયા હતા. સાથે જ લોકોએ કૃતિને સીટ પર બેસી જવાની વિનંતી પણ કરે છે. ત્યાં બાજુમાં બેઠેલો એક વ્યક્તિ તો પોતાનું માથું ખંજવાળવા લાગે છે. ત્યારે સોશિયલ મીડિયા પર કેટલાક લોકો કૃતિના વખાણ કરતા થાકતા નથી. તો કેટલાક લોકો તેને ફેક ગણાવી રહ્યા છે. એક યુઝરે લખ્યું હતું કે, ફિલ્મ પ્રમોશન માટે આ લોકો કંઈ પણ કરી શકે છે. જ્યારે ટ્રેલર લોન્ચ દરમિયાન કૃતિ સેનને જણાવ્યું હતું કે, આજે હું ખૂબ જ ભાવુક થઈ રહી છું, ટ્રેલર જોઈને મારા રૂંવાડા ઊભા થઈ ગયા છે. કારણ કે, આ માત્ર એક ફિલ્મ નથી, પરંતુ તેનાથી કંઈક વધારે છે. આ ફિલ્મને બનાવતા સમયે અમે જે અનુભવ કર્યો છે, તે ઘણો વિશેષ છે. હું ઓમનો આભાર વ્યક્ત કરવા માગું છું, જેણે જાનકીના રોલમાં મારી પર વિશ્વાસ મુક્યો છે. આપને વિશ્વાસ હતો કે, હું આ રોલ કરી શકીશ. કારણ કે, એવા થોડા જ કલાકાર છે, જેમને જીવનમાં આવા પ્રકારનો રોલ મળે છે. એટલે હું પોતાને ઘણી નસીબદાર માનું છું.

# શહેનાઝનો લુક જોઈ ફેન્સ બોલી ઉઠ્યા તીખી મિર્ચી

**કસી કી જાનથી બોલિવૂડમાં ડેબ્યૂ કરનાર શહેનાઝ ગિલ પોતાના લેટેસ્ટ ફોટોથી સોશિયલ મીડિયા પર આગ લગાવી દીધી છે**

મુંબઈ, તા.૧૧ , શહેનાઝ ગિલે ખૂબ જ હૉટ ડ્રેસમાં પોતાના ફોટો શેર કર્યા છે. શહેનાઝ ગિલની લેટેસ્ટ ફોટો જોઈ નેટિઝન્સ પોતાની નજર હટાવી શકતાં નથી. શહેનાઝ ગિલે થોડા સમય પહેલા રેડ બોલ્ડ ડ્રેસમાં પોતાની નવી તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી હતી. આ ફોટોમાં શહેનાઝ એટલી સિઝલિંગ અને હૉટ દેખાઈ રહી છે કે ફેન્સ તેને જોતા જ રહી ગયાં છે. શહેનાઝ લેટેસ્ટ ફોટોમાં હાઈ સ્લિટ રેડ સૈટિન ડ્રેસ પહેરેલો જોવા મળી રહી છે. તેણી આ હૉટ ડ્રેસમાં કેમેરા સામે ઉભી કાતિલ પોઝ આપી રહી છે. તેણી આ ડ્રેસ સાથે પોતાના હાથમાં લાલ રંગના ગ્લવ્સ પણ પહેરેલા જોવા મળી રહી છે. શહેનાઝે પોતાના રેડ હૉટ લુક સાથે બોલ્ડ મેકઅપ કરેલો છે. આ સાથે તેણીએ પોતાના વાળને વચ્ચેથી પાર્ટિશન કરીને સ્ટ્રેટ હેર લુક સાથે પોતાના લુકને પૂર્ણ કર્યો છે. શહેનાઝ ગિલે ક્યારેક જમીન પર બેસીને તો ક્યારેક સૂતા-સૂતા ખૂબ જ બોલ્ડ એક્સપ્રેશન આપ્યાં છે. તેણીનો દરેક લુક અને અદા ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહી છે. શહેનાઝ ગિલની લેટેસ્ટ ફોટો પર નેટિઝન્સ જોરદાર કોમેન્ટ્સ કરી રહ્યા છે. કોઈ એક્ટ્રેસને તીખી મિર્ચી કહી રહ્યુ છે. તો કોઈ તેની હોટનેસના વખાણ કરી રહ્યા છે. શહેનાઝ ગિલના વર્કફ્રન્ટની વાત કરીએ તો એક્ટ્ર્સને બિગ બોસ સિઝન ૧૩ બાદ પોપ્યુલારિટી મળી છે. બોલિવૂડમાં ડેબ્યૂ કર્યા પહેલાં તેણી પંજાબી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કરતી હતી. હાલ એક્ટ્રેસ હમણાં જ રિલીઝ થયેલી ફિલ્મ 'કિસી કા ભાઈ, કિસી કી જાન'માં જોવા મળી હતી. આ ફિલ્મે ઘણી કમાણી કરી છે. તેમજ, લોકોને તેમાં શહેનાઝનો રોલ પણ ખૂબ જ પસંદ આવ્યો હતો.

# જનપ્રતિનિધિઓને સસ્તી પ્રસિધ્ધિની ભૂખને બદલે જનસેવાની ખેવના હોવી જોઈએ

સાચું હોય તો ગમશે..!! લોકોના પ્રતિનિધિઓને સસ્તી પ્રસિદ્ધિની ભૂખને બદલે વિકાસથી વંચિત ગરીબોના કામ કરાય તેની ખેવના હોવી જોઈએ..!! જનતા કયા સુધી મૂર્ખ બનતી રહેશે કે મૂર્ખ બનાવવામાં આવતા રહેશે..!! આ લોકશાહી છે...કે તાળી – ચમચાશાહી !!? દેશની આઝાદીના ૭૫ વર્ષમાં શિક્ષણ–રોજગારી–સમાનતા–ન્યાય–સલામતી–નિર્ભિકતાનું સ્તર કેટલું અને કેવું તેના અહેવાલો અવાર–નવાર પ્રસિદ્ધ થતા હોય છે..તે ખરેખર કેટલા ટકા માનવામાં આવે.. તે સવાલ જરૂર થાય... પરંતુ... કિંતુ....નામના શબ્દો દરેકના મનમાંથી ઉચ્ચારાઈ જતા હોય છે..તો પછી માનસિકતા કેમ બદલાતી નથીનું કારણ, સમાજના કલ્યાણ માટેની વ્યવસ્થાઓ સુદ્રઢ નથી..!!? તો આના માટે જવાબદાર કોણ.? સવાલ ઘણા બધા ઉત્પન્ન થાય ને..!! આપણો સૌથી વધુ વસ્તી ધરાવતા દેશમાં લોકોએ ચૂંટેલા જન પ્રતિનિધિઓની જનતા પ્રત્યેની લાગણી–જવાબદારીઓ– સંવેદના–કામ કરવાની સક્રિયતાની સાથે ધગશ–માનવીય અભિગમતા–સરળતા–નિષ્પક્ષ સેવા કરવાની ક્ષમતા કેટલી તેની ગંભીરતા કેટલી તેના માપદંડ માટે (રૂપિયાની તાકાતથી અથવા અહમતાથી નહિ ..!!) કોઈ ચોક્કસ ત્રાજવું આજ સુધી કોઈ જોયું છે અથવા કોઈ ચોક્કસ નિયમો કે સિદ્ધાંતો સરકારીતંત્રની ભાષામાં કે બંધારણમાં હોય તેનો કોણ કેટલો અમલ કરે છે અથવા કરાવતું હોય તો પછી, હજુ કેટલાય ગરીબ પરિવારોને અદાલતોના હુકમ પછી પણ પ્રાથમિક સુવિધાઓથી વંચિત કેમ રાખવામાં આવ્યા છે..!!? (આવે છે..!!) તેનું કારણ શું કોઈના ઈશારે કે પછી આંખ આડા કાન કરવાની ટેવ પડી ગઈ હોય એવા કહેવાતા નેતાઓ (રાજકારણીઓ), જન પ્રતિનિધિઓ શપથ લેતી વખતના સમયને કેમ ભૂલી જાય છે...!!? (આ દરેક વ્યકિતઓને લાગુ ન પડી શકે. ગુજરાતમાં મુખ્ય બે પ્રવાહો ૨૬ અને ૧૮૨ એમ કુલ ૨૦૮ જન પ્રતિનિધિઓ પોતાના કાર્યકાળ દરમ્યાન નિષ્ઠાથી–જવાબદારીઓને ધ્યાનમાં રાખીને વિકાસના કામોમાં સંગઠનને (વહીવટી તંત્રને)સાથે રાખીને સતત ચોવીસ કલાક વ્યસ્ત રહેતા હોય (હશે..) પરંતુ સસ્તી પ્રસિધ્ધિ એ કોઈ પરાક્રમ કે બહાદુરી ન કહેવાય..!! જો જનતાના કામોમાં સ્થાનિક કક્ષાએથી કોઈ કારણસર ક્ષતિ રહી જતી હોય તો અધિકારીઓનું માર્ગદર્શન લેવામાં આવેતો અરજદારોને હાલાકી ભોગવવી ન પડે અને કોઈ પરિવારને પરેશાની વેઠવાનો વારો ન આવે...સાચું હોય તો વધુ અને સારા કાર્યો કરવામાં આનંદ સાથે સંતોષ મળતો હોય છે...તે સનાતન સત્ય છે...આ એક વિચાર (મંતવ્ય ) છે.

**– અતુલ શુકલ દામનગર**

# બીજા માટે જીવવું

## – સંત રાજીન્દર સિંહજી મહારાજ



ઘણીવાર આપણે બધાએ સાંભળ્યું હશે કે દરેક ધર્મગ્રંથ બીજાઓની ભલાઈના માટે પોતાના ત્યાગની પ્રેરણા આપે છે. વિભિન્ન ધર્મમાં એવી કવિતાઓ અથવા વાર્તાઓ આવે છે કે જે આપણને બતાવે છે કે કેવી રીતે પ્રભુની કૃપાદ્રષ્ટિ ઈન્સાન પર થાય છે જેને જરૂરતના સમયમાં કોઈ બીજાની મદદ કરી હતી. મદદ કરવા વાળો કોઈ સંત અથવા મહાત્મા ન પણ હોય પરંતુ જો તેના કોઈ ઉત્તમ કાર્યથી બીજાઓને આરામ પહોંચે છે તો પ્રભુની નજરમાં તેની શોભા વધી જાય છે.

સંતો–મહાપુરૂષોના અનુસાર સેવા આપણા જીવનના સૌથી મહાન કાર્યો માંથી એક છે. પરંતુ આવું બહુ ઓછું થાય છે કે એક સામાન્ય માણસને કોઈ બીજાને બચાવવા માટે પોતાના જીવનનો ત્યાગનો નિર્ણય લેવો પડે. આપણા દૈનિક જીવનમાં એવી બહુ તકો આવે છે જયારે આપણે કોઈ બીજાની સહાયતા પોતાના સમય, ધન, સાધન અથવા પોતાની પ્રતિભા દ્વારા કરી શકીએ છીએ. સાચી નિષ્કામ સેવાના ક્ષેત્રમાં પરિવારની સાથે સાથે બધી માનવતાની સેવા કરવી પણ સામેલ છે. બધા માટે પ્રેમની ભાવના, બધાથી પ્રેમ અને બધાની સહાયતા કરવી સલાહારી જીવનના ગુણોમાંથી એક છે. સુફી સંત ફરમાવે છે કે પ્રભુએ મનુષ્યને બીજાઓથી પ્રેમ કરવા અને મદદ કરવા માટે બનાવ્યા છે. જો પ્રભુને ફકત ભકિત જ કરાવવી હોત તો તેના પાસે દેવી–દેવતાઓ તો પહેલાથી જ હતા. સૃષ્ટિમાં ફકત મનુષ્ય ને જ બીજાઓથી પ્રેમ કરવા અને સહાયતા કરવાનો ઈશ્વરીય ગુણ 'સહાનુભૂતિ' મળે છે. જયારે આપણે કોઈ સહાયતા કરીએ છીએ ત્યારે આપણું દિલ વિશાળ થવા લાગે છે અને ત્યારે જ આપણને આંતરિક શાંતિ, આનંદ અને ખુશીની પ્રાપ્તિ થાય છે.

દુનિયામાં એવા બહુ લોકો છે જેમણે બીજાઓની મદદ કરવા માટે પોતાને સમર્પિત કર્યા છે અને તેમના જીવન સ્તર સુધારવામાં સહાયતા કરી છે. કેટલાય વર્ષોથી વૈજ્ઞાનિકોએ લોકોના જીવનને વધારે સુરક્ષિત તથા આરામદાયક બનાવવા માટે અનેક આવિષ્કાર કર્યા છે.

આવો ! આ મહાન લોકોની જેમ આપણે પણ આ સંસારમાં લોકોના જીવનને સારૂં બનાવવામાં પોતાનું યોગદાન આપીએ અને પ્રભુ દ્વારા આપવામાં આવેલી પોતાની ક્ષમતા, જ્ઞાન તથા પ્રતિભાનો ઉપયોગ બીજાઓની ભલાઈ માટે કરીએ. ત્યારે આપણે સાચા અર્થમાં બીજાઓ માટે જીવીશું.

**સાવન કૃપાલ રૂહાની મિશનની વધુ વિગતો માટે સંપર્ક કરો ૯૮૨૫૪૬૭૧૧૦,**

**skrmzn12@gmail.com**

# કપાસની સાંઠી સફેદ કોલસો :: કપાસ સફેદ સોનું ::

ખેતરમાંથી કપાસનો પાક લીધા બાદ સાંઠીને ખેતરમાં સળગાવવામાં આવે છે. જયારે ગેસ ન હતા. તેવા વખતે આ સાંઠીનો ઉપયોગ બળતણ તરીકે કરવામાં આવતો. આ રીતે ખેડૂત પરિવારો મફતમાં મળતા આ બળતણને આજે ખેતરમાં સળગાવી દે છે. હા અમુક ખેડૂતો સેંડર વડ તેનો જીણો ભૂક્કો કરી ખાતર બનાવવા કરે છે. મોટા ભાગના ખેડૂતો કા તો સળગાવી દે છે. આને લઈ ખેતરની જીવંત જમીન મૃતપાય થાય છે. હવામાં ધૂમાડો ભળતા હવામાન બગડે છે.

છેલ્લા એકાદ વરસથી આ સાંઠીને તમારા ખેતરમાંથી કાઢીને તેનો ભુક્કો કરી લઈ જવામાં આવે છે. આ ભુક્કાનો ઉપયોગ સફેદ કોલસો બનાવવામાં થાય છે. આમ કરવાથી ખેડૂતોનો મજુરી ખર્ચ ઘટે છે. ખેતરની ફળદ્રુપ જમીન બગડતી નથી. અને આ સાઠીનો ઉદ્યોગના બળતણ હેતુ માટે ઉપયોગ થાય છે. જેને લઈ સફેદ કોલસાના યુનિટ ધમધમે છે. જે કારણે રોજગારી મળે છે. આ પ્રકારનું યુનિટ ઉભું કરવા આશરે વીસ લાખ જેવો મશીનરીનો ખર્ચ થતો હોય છે. આ પ્રકારના મશીનો સૌરાષ્ટ્ર(રાજકોટ)માં ઉત્પાદન થાય છે.

આ પ્રકારના ઉદ્યોગ સૌરાષ્ટ્રમાં વધુ ઉભા થાય તો ખેડૂતોની સાઠીનો સદ્‌ઉપયોગ થશે. આમાથી ઉત્પન્ન થતાં સફેદ કોલસા દ્વારા અનેક ઉદ્યોગોને ઈંધણ વ્યાજબી ભાવે મળશે. હાલના સમયની વાત કરવામાં આવે તો સૌરાષ્ટ્ર માટે સફેદ સોનું કપાસનો વાવેતર વિસ્તાર ખૂબ મોટો છે. જિલ્લા દિઠ આ પ્રકારના ઉદ્યોગો શરૂ કરવામાં આવે તો રોજગારીની સાથે પ્રદૂષણ પણ ઘટે છે. જમીન બગડતી અટકે છે. ખેતપેદાશનો કચરો ખાતર અથવા આ પ્રકારના સફેદ કોલસો બનાવવાની સમયની નાડ પારખીને કરવા જેવો ખરો. ભૂમિ અને વાયુ પ્રદુષણ દિવસે–દિવસે વધી રહ્યું છે. તેવા વખતે આ પ્રકારનાં ઉદ્યોયોનું પ્રમાણ વધે તેવી સમયની માંગ છે. અથવા તો કપાસની સાંઠીને થ્રેડર વડે ભૂકો કરી ખાતર તરીકે વધુને વધુ ઉપયોગ કરવામાં ખેડૂતનું હિત છે. હાલ કોઈ સાંઠીને બળતણ તરીકે વાપરતું નથી. આ સાંઠીમાં જમીનને ઉપયોગી તમામ તત્વો સમાયેલ હોય છે. પ્રાકૃતિક ખેતી કરવા આતો ખાતર તરીકે ઉપયોગ કરવા બજારમાં આ ખાતરને સોડવવા માટે ખાસ પ્રકારનું પ્રવાહી મળે છે. જે યુનિ.નાં નિષ્ણાંત પાસેથી જાણીને ઉપયોગમાં લઈ શકાય આ પ્રકારનાં પ્રવાહીના ઉપયોગથી સાંઠીનું ખાતર ટુંકા સમયમાં ખાતરમાં રૂપાંતરિત થાય છે.

ખેતીમાં ખર્ચ ઘટાડવા આ પ્રકારનો પ્રયોગ કરી શકાય તેમ છે. આજે પશુપાલન ઘટવાને લઈ દેશી ખાતરો મળવા દુર્લભ થઈ ગયા છે. તેવા વખતે ખેતીના કચરામાંથી ખાતરો બનાવી ઉપયોગમાં લેવાથી જમીનની પ્રત સુધારી શકાય તેમ છે. રાસાયણિક ખાતરોનાં વધતા ભાવને લીધે ખેતીખર્ચ વધે છે. તેવા સમયે આવા પ્રયોગો ખેડૂતો માટે આશિર્વાદરૂપ સાબિત થાય તેમ છે.

કપાસ તેમની સિઝન દરમિયાન જમનમાંથી પોષક તત્વો ઉપાડયા હોય છે. જે બાળીને નાશ કરવામાં ચતુરાઈ નથી તેને જમીનમાં નાખી જમીનને પરત કરવાની વૃત્તિ જમીન સુધારવા મદદ કરશે.

જરૂર છે થોડી મહેનત થોડી વિવેક બુધ્ધિની આપણું ખાતર આપણે જ આપણા ખેતરમાં ઘરે બેઠાં આપણા જ કૃષિ કચરામાંથી ઉત્પન્ન કરવાનો સમય આવી ગયો છે. ખેતીમાં જેટલો ખર્ચ ઘટશે તેટલી ખેતી સસ્તી થશે તેટલો નફો આપણાં હાથમાં આવશે.

**– હરેશ બોરસાણીયા, મતિરાળા**

# અમરેલીમાં પિકસટોપસ આર્ટ એકેડમી દ્વારા ચાલી રહેલ આર્ટ વર્કશોપ–૨૩

અમરેલી, તા. ૧૧

પિકટોપસ આર્ટ એકેડમીનાં કો–ફાઉન્ડર આનંદભાઈ ચાવડા(આર્કિટેક) તથા સહયોગી સુ.શ્રી નિધિ દેસાઈ દ્વારા આયોજિત પ્રાચીન ભારતની લુપ્ત થતી કલાને ઉજાગર કરવાના સંન્નિષ્ઠ પ્રયાસરૂપે, ચાર અલગ અલગ પ્રકારના વર્કશોપ તા. ૮/૫/૨૩ થી ચાર સપ્તાહ એટલે કે, તા. ૩/૬/૨૩(રવિવાર બંધ) સુધી સરસ્વતિ વિદ્યામંદિર એસ.ટી. ડિવીઝન પાછળ, લાઠી રોડ, અમરેલી ખાતે સંસ્થાના સંચાલક વિજયભાઈ મહેતા સહયોગથી ચાલી રહ્યો છે. કલાપ્રત્યેની રૂચિ અને લોકોના સુંદર સહકારથી આ વેકેશન સમયમાં વર્કશોપ ખૂબ સારી રીતે પ્રગતિના પથ પર છે. આ વર્કશોપમાં મંડલા, આર્ટ, વરલી આર્ટ, મડ–મિરર આર્ટ અને લાઈવ સ્કેચિંગ જેવી આર્ટની તાલીમ આપવામાં આવે છે. આર્ટમાં રૂચિ ધરાવતા લોકો તેમાં ભાગ લઈ શકે અને વધુ જાણકારી મેળવવા મુલાકાત પણ લઈ શકે છે. વર્કશોપનો સમય : સોમવારથી શનિવાર, સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ સુધીનો છે. સંપર્ક માટે મો.નં. ૯૬૬૪૮ ૨૮૬૯૦/ ૯૪૦૯૪ ૧૦૮૯૬.


અગ્રણી કેળવણીકારશ્રી વસંતભાઇ ગજેરાના નેતૃત્વ અને માર્ગદર્શનથી કાર્યરત

**સ્કૂલ-હોસ્ટેલમાં પ્રવેશ શરૂ (૨૦૨૩-૨૪)**

- ''વિદ્યાસભા SCHOOL ''જે વિદ્યાર્થીની આવડતને ઉજાગર કરે છે...
- અભ્યાસ સાથે જીવન શિક્ષણ આપતી એકમાત્ર ભાર વિનાનું ભણતર, વિજ્ઞાન અને ગણિત જેવા વિષયનું પ્રત્યક્ષ જ્ઞાન, JEE/NEET ની તૈયારી સ્કૂલમાં, ૨૩ થી પણ વધારે કલબ એકટીવીટી
- સ્પોર્ટસમાં જિલ્લાની શ્રેષ્ઠ શાળા, પૌષ્ટિક અને ગુણવત્તા યુકત ભોજન સાથે હોસ્ટેલની સુવિધા
- સામાન્ય જ્ઞાન અને SPOKEN ENGLISH માટે વિશેષ વર્ગ, છેલ્લા ૧૬ વર્ષથી શ્રેષ્ઠ પરિણામની અવિરત પરંપરા
- અત્યાધુનિક સાયન્સ લેબ, કોમ્પ્યુટર લેબ, સ્કીલ સ્કૂલ તથા ૧૦,૦૦૦ થી પણ વધારે પુસ્તકો ધરાવતી લાયબ્રેરી
- ડિઝીટલ પ્લેટફોર્મ સ્ટુડન્ટસ–સ્ટાફ–પેરેન્ટસ સતત સંપર્કથી વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે કટીબધ્ધ સ્કૂલ.
- વ્યાજબી ફી... ઉત્તમ શિક્ષણ... શિક્ષણ ક્ષેત્રનો બહોળો અનુભવ, બાળકોના ઉજ્જવળ ભવિષ્યના ઘડતર માટે વિદ્યાસભા મેનેજમેન્ટ વાલીશ્રીઓને રૂબરૂ મુલાકાત માટે આવકારે છે.

સ્કૂલ કાર્યક્ષેત્ર: બાલમંદિર થી ધો. ૧૨ આર્ટસ / કોમર્સ / સાયન્સ ગુજરાતી અને ઇંગ્લીશ મિડીયમ સ્કૂલ ગર્લ્સ અને બોયઝ

હોસ્ટેલ કાર્યક્ષેત્ર: ધોરણ–૪ થી ૧૨ ગર્લ્સ અને બોયઝ

અમારું શિક્ષણકાર્ય એ જ અમારી વિશેષતાઓ

ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત

શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ

લાઠી રોડ, અમરેલી. ફોન નં. ૦૨૭૯૨ ૨૫૩૩૩૫

vidyasabhasankul@gmail.com

J-017


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૩૨૫ | ૧૪૧૪ |
| ૨ | શિંગ મોટી | ૮૦૦ | ૧૪૩૧ |
| ૩ | શિંગદાણા | ૧૭૦૦ | ૧૭૫૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૩૫૦ | ૧૮૨૧ |
| ૫ | તલ સફેદ | ૧૭૩૦ | ૩૧૧૫ |
| ૬ | તલ કાળા | ૨૭૦૩ | ૨૮૭૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૨૦૦ | ૩૦૨૧ |
| ૮ | બાજરો | ૩૬૯ | ૫૦૧ |
| ૯ | જુવાર | ૬૬૫ | ૯૨૪ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૩૮૩ | ૫૨૬ |
| ૧૧ | ઘઉં લોકવન | ૩૮૫ | ૪૬૪ |
| ૧૨ | મગ | ૧૦૦૦ | ૧૮૦૮ |
| ૧૩ | ચણા | ૭૦૦ | ૯૫૮ |
| ૧૪ | ચણા દેશી | ૯૬૨ | ૧૦૬૪ |
| ૧૫ | તુવેર | ૧૧૩૫ | ૧૫૩૧ |
| ૧૬ | વાલ | ૯૫૨ | ૨૪૦૦ |
| ૧૭ | કપાસ | ૧૧૦૭ | ૧૫૮૧ |
| ૧૮ | એરંડા | ૮૨૫ | ૧૧૪૪ |
| ૧૯ | જીરૂ | ૨૪૫૫ | ૯૦૫૨ |
| ૨૦ | ઈસબગુલ | ૩૭૫૦ | ૩૭૫૦ |
| ૨૧ | ધાણા | ૭૭૦ | ૧૫૯૯ |
| ૨૨ | ધાણી | ૧૧૦૦ | ૧૮૮૧ |
| ૨૩ | મેથી | ૯૨૦ | ૧૧૯૨ |
| ૨૪ | સોયાબીન | ૮૪૦ | ૧૦૬૭ |
| ૨૫ | સુવાદાણા | ૨૩૦૦ | ૨૩૯૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## સાવરકુંડલાના ભુવા રોડ ચોકડી

કે અહીંયા બનાવેલા સાવરકુંડલા ભુવા રોડ પરના બમ્પ બિલકુલ હલકી કક્ષાના છે અને તૂટી ગયા છે ત્યારે આ બમ્પ હાઈવેની નજીક બનાવવામાં આવે અને સારી ગુણવત્તાવાળા બનાવવા આવે એવી પણ લોકમાંગ ઉંઠવા પામી છે.

અકસ્માતોનું નિવારણ કરવા માટે અથવા તો કંટ્રોલ કરવા માટે આ ચોકડી ઉપર એક નાનકડું સર્કલ બનાવવામાં આવે તો હાઈવે ઉપર પુરપાટ ઝડપે આવતા વાહનો ઉપર નિયંત્રણ લાદી શકાય અને અકસ્માત નિવારી શકાય ત્યારે હવે કુંભકર્ણની નિંદ્રામાં ઘોરતું આ હાઈવે ઓથોરિટી તંત્ર જાગે અને તાત્કાલિક અમલ કરે.

આ બનાવની જાણ થતા પેટ્રોલીંગમાં રહેલ જિલ્લા ટ્રાફીક પોલીસને થતા તુરંત જ ઘટના સ્થળે પહોંચી જઇ અકસ્માતમાં ઘવાયેલ લોકોને ૧૦૮ની મદદથી દવાખાને સારવાર માટે ખસેડવા સહિતની મદદ કરી હતી.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીમાં ગૌ–વંશની કત્લ કરનાર

માટે ગુજરાત સરકાર તરફથી અમરેલી જિલ્લા માટે સ્પેશ્યલ પી.પી. તરીકે નિમણુંક કરેલ. અમરેલીનાં એડવોકેટ ચંદ્રેશભાઈ મહેતાએ આ બનાવની કરૂણા અને ગંભીરતા જોતા ધારદાર દલીલો અને હાઈકોર્ટ તેમજ સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ કોર્ટ સમક્ષ રજૂ કરેલા, જે તમામ પુરાવાઓને ધ્યાને રાખી અમરેલીનાં પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ આર.ટી. વચ્છાણીએ આરોપી નં.૧ રફીક ઉર્ફે શેટ્ટી આદમભાઈ કાલવાને ભારતીય દંડ સહિતાની કલમ–૨૯૫ મુજબ બે વર્ષની સખત કેદની સજા અને રૂા. ૨૦૦૦નો દંડ અને જો દંડ ન ભરે તો વધુ એક માસની કેદની સજા તથા ભારતીય દંડ સહિતાની કલમ–૪૨૯ મુજબ ત્રણ વર્ષની સખત કેદની સજા અને રૂા. ૩૦૦૦નો દંડ અને જો દંડ ન ભરે તો વધુ એક માસની કેદની સજા તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૧૯૯ મુજબ એક માસની કેદની સજા અને રૂા.૧૦૦નો દંડ અને જો દંડ ન ભરે તો વધુ બે માસની કેદની સજા તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૧૯૯ મુજબ એક માસની કેદની સજા તથા ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ–૧૯૫૪ (સુધારા અધિનિયમ–૨૦૧૭)ની કલમ ૫ (૧–ક), ૬(એ) (૧) (૩) (૪), ૬ (બી), ૮, ૧૦ મુજબ ૧૦ વર્ષની સખત કેદની સજા અને રૂા. ૧,૦૦,૦૦૦નો દંડ અને જો દંડ ન ભરે તો વધુ બે માસની કેદની સજા તથા પશુ તરફ ઘાતકી વર્તન અટકાવવા માટેનો કાયદો ૧૯૬૦ની કલમ ૧૧ (૧)(એ)(એલ) સાથે વાંચતા આઈ.પી.સી. કલમ ૧૨૦ (બી) મુજબ ત્રણ માસની સાદી કેદની સજા અને રૂા. ૧૦૦નો દંડ અને જો દંડ ન ભરે તો વધુ એક માસની કેદની આકરી સજા ફટકારેલ છે. જયારે અન્ય આરોપીને નિર્દોષ છોડી મુકવા આદેશ કરે છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૫૦ | ૧૫૯૦ |
| ૨ | મગફળી | ૧૨૪૫ | ૧૩૩૫ |
| ૩ | ઘઉં | ૩૯૮ | ૪૭૨ |
| ૪ | ચણા | ૯૨૨ | ૯૨૮ |
| ૫ | ધાણા | ૧૦૯૦ | ૧૨૫૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૫૪ | ૧૪૨૫ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૧ | ૧૫૨૫ |
| ૩ | શીંગ નવી | ૧૨૩૧ | ૧૫૦૩ |
| ૪ | તલ સફેદ | ૨૫૦૦ | ૩૦૦૦ |
| ૫ | તલ કાળા | ૨૨૦૦ | ૨૭૫૦ |
| ૬ | જીરૂ | ૬૦૦૦ | ૮૮૦૧ |
| ૭ | કપાસ | ૧૩૫૧ | ૧૫૬૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૨૦ | ૫૬૮ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૬૦૩ |
| ૧૦ | બાજરો | ૩૫૦ | ૫૦૯ |
| ૧૧ | જુવાર | ૪૪૦ | ૮૪૦ |
| ૧૨ | મકાઈ | – | ૪૧૮ |
| ૧૩ | મગ | ૧૬૦૦ | ૧૭૦૩ |
| ૧૪ | ચણા | ૮૪૦ | ૯૫૫ |
| ૧૫ | દેશી ચણા | ૯૩૦ | ૧૦૫૦ |
| ૧૬ | તુવેર | ૧૩૦૦ | ૧૫૯૯ |
| ૧૭ | એરંડી | ૧૧૦૦ | ૧૧૪૫ |
| ૧૮ | મેથી | – | ૧૧૦૦ |
| ૧૯ | ધાણા | ૧૧૫૧ | ૧૩૫૧ |
| ૨૦ | સોયાબીન | ૯૬૦ | ૧૦૧૫ |

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીમાં રૂપિયા ૫૦ કરોડનાં ખર્ચે

સંજોગો ઉભા થયા છે. અમરેલી શહેરમાં આગામી દિવસોમાં અંદાજિત ૧૦૦ કરોડનાં ખર્ચે જુદા–જુદા વિકાસકાર્યો શરૂ થવાનાં હોય શહેરનાં વિકાસનાં દ્વાર ખુલી રહ્યાનું જાણવા મળેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીમાં કાચા દબાણોની સાથે

પાકા દબાણો પણ દૂર કરવા માંગ કરેલ છે. પત્રમાં જણાવેલ છે કે, અમરેલી શહેરમાં નગરપાલિકાની હદમાં જુદા જુદા સ્થળે અને રોડ ઉપર કાંઠાની સાઈડમાં ગેરકાયદેસર અનેક જગ્યાએ દબાણો કરી બાંધકામ કરેલ છે. હાલમાં તે સ્થળોના નામ લોકોમાં ચર્ચાઈ રહ્યાં છે તે આ મુજબ છે. માર્કેટિંગ યાર્ડ રોડ ઉપર પોલીસ લાઈન વાળી અંદાજે ૪૭ જેવી દુકાનો, લાઈબ્રેરીની સામેની દુકાનો, રામજી મંદિર પાસેની દુકાનો, રેલ્વે સ્ટેશન પાસેની દુકાનો, જેસીંગપરામાં શિવાજી ચોક પાસેની દુકાનો વિગેરે જેવી અન્ય જગ્યાએ પણ દબાણ જોવા મળેલ છે.

વિશેષ જણાવવાનું કે અમરેલી નગરપાલિકા આ દુકાનોનું ભાડું ઉઘરાવતી નથી. જેથી કરીને વર્ષોથી ભ્રષ્ટાચાર થાય છે. તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે. અને રોડના કાંઠે આવેલ બિન કાયદેસર દુકાનોથી જનતાને ટ્રાફિક સમયસ્યા થાય છે અને સરકારને તેની કંઈપણ આવક નથી. જેથી કરીને તાત્કાલિક તપાસ કરીને તમામ દબાણોને દૂર કરવા. જયાં જયાં સ્થળે ગેરકાયદેસર દુકાનો છે તે કયાં કારણોસર વર્ષોથી ઉભી છે અને કોના આદેશ અને હુકમથી ઉભી છે તે વિગતો જણાવો.

વધુમાં જણાવ્યું કે, અમરેલી શહેરમાં ટ્રાફિક સમસ્યા વધવાનું કારણ એ પણ છે જયાં જયાં કોમ્પલેક્ષ અને હોસ્પિટલોના બિલ્ડીંગો બન્યા છે ત્યાં પાર્કિંગની કોઈપણ જાતની વ્યવસ્થા હોય તેવું લાગતું નથી. જેથી રોડ ઉપર પાર્કિંગ થતું હોવાને લીધે જે તે વિસ્તારમાં તે રોડ બ્લોક થવાથી ટ્રાફિક સમસ્યા ઉભી થાય છે. તપાસ થાય અને ઘટતું કરવામાં આવે જેથી અમરેલીની સુંદરતા અને સ્વસ્થતા જળવાઈ રહે અને લોકોને ન્યાય મળી રહે.

ખાસ જણાવવાનું કે દબાણ હટાવ ઝુંબેશ અંતર્ગત પતરાનો રોડ(છાપરા), કેબિન, બોર્ડ, લારી, ઓટલા જેવા કાચા તથા પાકા દબાણો વિશે દર્શાવેલ છે. પણ જે ગેરકાયદેસર બાંધકામ છે તે વિશે કંઈ પણ ઉલ્લેખ કરેલ નથી. તેથી કરીને એવું દર્શાવાય આવે છે કે ગરીબોને ધોકો અને તવંગરોને મલાઈની આંખે સામે તરી આવે છે જેથી અમરેલી શહેરની સુંદરતા, સ્વચ્છતા અને ન્યાય માટે તમામ બાબતનું સર્વે કરાવીને ઘટતું કરીને જરૂર જણાય ત્યાં ડિમોલેશન અને કાર્યવાહી કરીને અમરેલીની સુંદરતા અને સ્વચ્છતા વધે તેવી અમે આશા રાખીએ છીએ કે અમરેલી શહેરના લોકોને ન્યાય મળશે અને સુખાકારી જીવન મળશે. તેમ અંતમાં જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## કુંકાવવા ખાતે તમાકુ વિરોધી

વિષયક ચિત્રાત્મક ચેતવણી દર્શાવતું બોર્ડ સહિતના નિયમોના ઉલ્લંઘન બદલ સઘન કાર્યવાહી હાથ ધરાઈ. આ કામગીરી તાલુકા હેલ્થ ઓફિસર ડો. પિઠવા, ડો. તળાવિયા, ડો.પટેલ, કાઉન્સેલર રિયાઝભાઈ મોગલ, સોશ્યલ વર્કર નરેશભાઈ જેઠવા, તાલુકા હેલ્થ સુપરવાઈઝર એમ.જે. ભૂવા, કલાર્ક બી.એમ. ચાવડા તેમજ પોલીસ વિભાગની ટીમ દ્વારા કરાઈ હતી.

૧૮ વર્ષથી નીચેની ઉંમરના બાળકોને તમાકુના વ્યસનથી દૂર રાખવા અને વ્યસન મુકત સમાજનું નિર્માણ કરવા માટે ડીસ્ટ્રીકટ ટોબેકો કંટ્રોલ સેલ અમરેલી દ્વારા કુંકાવાવ તાલુકા સહિત અન્ય તાલુકાઓમાં પણ કામગીરી કરવામાં આવનાર હોવાનું ઈ.એમ.ઓ. ડો. એ.કે. સિંઘ દ્વારા જણાવેલ તેમજ કુંકાવાવમાં દંડાત્મક કાર્યવાહીની સાથે સાથે લોકોને તમાકુના વ્યસનથી દૂર રહી જાહેરમાં ધુમ્રપાન ન કરવા માટે તાલુકા હેલ્થ ઓફિસર ડો. પિઠવા દ્વારા અપીલ કરેલ જે યાદીમાં જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લામાં સૂર્યનારાયણ

એકલદોકલ બહાર નીકળતા જોવા મળ્યા. તે પણ માથે ટોપી પહેરીને. આજે બળબળતી લૂ ફેંકાતાં વૃદ્ધો, બ્લડ પ્રેશરવાળા અને બાળકો ભારે પરેશાનીનો સામનો કરતા જોવા મળ્યા. લોકો ઘરમાં પંખા ચાલુ કરીને પણ ગરમીથી રાહત મેળવવા પ્રયાસ કરતાં જોવા મળ્યા. જો કે આ કાળઝાળ ગરમીમાં પંખા પણ ગરમીથી રાહત આપવા અસમર્થ હોય તેવું વાતાવરણ જોવા મળ્યું. એ.સી. અને કુલરવાળા પણ ફુલ સ્પીડ પર પોતાના ઉપકરણોને રાખી ગરમીથી રાહત મેળવવા પ્રયાસ કરતાં જોવા મળેલ. લોકો ગરમીથી રાહત મેળવવા ઠંડી છાશ, લસ્સી, વરિયાળી કે લીંબુનું શરબત કે નાળિયેર પાણી, આઈસ્ક્રીમ, કુલ્ફી, બરફના ગોલાનું સેવન કરતાં જોવા મળ્યા. આમ હવે ખરેખરના ઉનાળાનો અહેસાસ થયો અને તાપમાનનો પારો ૪૪ ડીગ્રી આસપાસ હોવાથી અગનવર્ષાનો માહોલ જોવા મળી રહ્યો છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૨૧ | ૧૫૭૦ |
| ૨ | ચણા | ૯૫૦ | ૯૫૫ |
| ૩ | જુવાર | ૭૪૧ | ૮૦૦ |
| ૪ | સોયાબીન | ૯૫૦ | ૯૫૦ |
| ૫ | બાજરો | ૪૯૦ | ૪૯૦ |
| ૬ | મકાઈ | ૪૭૫ | ૪૭૫ |
| ૭ | તલ | ૨૬૫૨ | ૨૬૫૨ |
| ૮ | મગફળી | ૧૨૭૫ | ૧૩૧૨ |
| ૯ | મેથી | ૧૦૭૫ | ૧૦૭૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૦ | ૧૫૭૫ |
| ૨ | ધાણા | ૧૧૪૫ | ૧૧૭૫ |
| ૩ | ચણા | ૮૦૦ | ૯૧૧ |
| ૪ | ઘઉં લોકવન | ૪૧૫ | ૪૪૧ |
| ૫ | લસણ | ૩૦૯ | ૩૦૯ |
| ૬ | તુવેર | ૧૪૧૫ | ૧૪૧૫ |
| ૭ | બાજરો | ૪૯૬ | ૪૯૬ |
| ૮ | મેથી | ૧૧૮૦ | ૧૧૮૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૨૯ | ૪૬૪ |
| ૧૦ | મગ | ૧૫૭૦ | ૧૫૭૦ |
| ૧૧ | મગફળી | ૧૨૯૫ | ૧૩૫૧ |
| ૧૨ | સફેદ તલ | ૨૬૦૦ | ૨૭૮૦ |
| ૧૩ | ગમ ગુવાર | ૯૪૫ | ૯૪૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | બાજરો | ૩૯૦ | ૫૩૬ |
| ૨ | જુવાર | ૭૦૦ | ૯૭૧ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૪૪૦ |
| ૪ | મગ | ૧૮૧૯ | ૧૮૧૯ |
| ૫ | ધાણા | ૯૩૧ | ૧૨૨૬ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૧૦ | ૧૫૩૦ |
| ૨ | મગફળી | ૧૩૩૦ | ૧૩૩૦ |
| ૩ | ઘઉં | ૪૧૬ | ૪૬૦ |
| ૪ | ચણા | ૮૦૦ | ૯૫૫ |
| ૫ | તુવેર | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૬ | ધાણા | ૧૦૦૧ | ૧૨૩૦ |
| ૭ | સોયાબીન | ૯૭૬ | ૯૭૬ |
| ૮ | મગ | ૧૬૬૫ | ૧૬૬૫ |
| ૯ | મેથી | ૧૧૪૩ | ૧૧૪૩ |
| ૧૦ | શીંગ ફાડા | ૧૩૦૨ | ૧૭૦૧ |

### ગુજરાતમાં કોરોનાના વળતાં પાણી

# ગુજરાતમાં કોરોના વાયરસના નવા કુલ ૨૫ કેસ નોંધાયા

## કોરોના રિકવરી રેટ ૯૯.૧૨ ટકા થયો છે, તેમજ કોરોના વાયરસથી ૮૪ દર્દી સાજા થયા છે

અમદાવાદ, તા.૧૧

ગુજરાતમાં કોરોનાના કેસોમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. જેમાં ૧૧ મેના રોજ કોરોનાના નવા ૨૫ કેસ નોંધાયા છે. જ્યારે કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૩૦૦ની અંદર આવી છે. એક્ટિવ કેસની સંખ્યા ૨૬૦એ પહોંચી છે.જેમાં અમદાવાદમાં ૧૨, સુરતમાં ૦૭, વડોદરામાં ૦૨, અમરેલીમાં ૦૧, આણંદમાં ૦૧, ભાવનગરમાં ૦૧, વલસાડમાં ૦૧ કેસ નોંધાયો છે. જ્યારે કોરોના રિકવરી રેટ ૯૯.૧૨ ટકા થયો છે. તેમજ કોરોનાથી આજે ૮૪ દર્દી સાજા થયા છે. આ દરમ્યાન છેલ્લા ત્રણ વર્ષથી કોરોના સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહ્યો છે. આ ખતરનાક ચેપને કારણે કરોડો લોકોના મોત પણ થયા છે. કોવિડ ૧૯ ના વિવિધ પ્રકારોને કારણે, આ ચેપ ખૂબ જ ખતરનાક બની ગયો હતો.

વિશ્વ આરોગ્ય સંસ્થાએ વૈશ્વિક ખતરો અને રોગચાળો જાહેર કર્યો હતો. હવે આ રોગચાળાને લઈને એક રાહતના સમાચાર છે. WHO એ કોરોનાને ગ્લોબલ હેલ્થ ઈમરજન્સીની યાદીમાંથી હટાવી દીધો છે. સરળ શબ્દોમાં કહીએ તો, કોરોના રોગ હવે વૈશ્વિક કટોકટી નથી.જો કે WHO એ હજુ સુધી આ રોગચાળાના અંતની જાહેરાત કરી નથી, પરંતુ તેણે સ્વીકાર્યું છે કે હવે કોવિડને કારણે કોઈ કટોકટીની સ્થિતિ નથી. એટલે કે, આ રોગ રહેશે, પરંતુ તેના કારણે મૃત્યુનો કોઈ ભય નથી. એટલે કે, હવે કોવિડને આંતરરાષ્ટ્રીય સ્તરે તે જ જોખમ નથી, જે પહેલા હતું, જોકે હજી પણ વાયરસને લઈને સાવધ રહેવાની જરૂર છે. જાન્યુઆરી ૨૦૨૦ માં, WHO એ કોરોનાને વૈશ્વિક આરોગ્ય કટોકટી જાહેર કરી. તે દરમિયાન તમામ દેશોને આ રોગથી બચવા અને તેના સંક્રમણને રોકવા માટે કહેવામાં આવ્યું હતું. WHO માં સામેલ તમામ ૧૯૬ દેશોએ કોવિડથી બચવાના માર્ગદર્શિકાનું પાલન કરવું પડ્યું હતું. જો કે, હવે તેને વૈશ્વિક સ્વાસ્થ્ય કટોકટી તરીકે સમાપ્ત માનવામાં આવે છે.

### ધોનીસેનાનું ઓલ-રાઉન્ડ પ્રદર્શન

# ચેન્નાઈએ દિલ્હી કેપિટલ્સ સામે ૨૭ રને વિજય નોંધાવ્યો

## ચેન્નાઈએ આપેલા ૧૬૮ રનના લક્ષ્યાંકના જવાબમાં દિલ્હીની ટીમ ૧૪૦ રન જ નોંધાવી શકી હતી

નવી દિલ્હી, તા.૧૧

ચેન્નાઈ સુપર કિંગ્સ ટીમે બુધવારે હોમગ્રાઉન્ડ એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં ઓલ-રાઉન્ડ પ્રદર્શન કરીને દિલ્હી કેપિટલ્સ સામે ૨૭ રને વિજય નોંધાવ્યો હતો. આઈપીએલ ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૩માં રમાયેલા મુકાબલામાં બેટર્સનું પ્રદર્શન નિરાશાજનક રહ્યું હતું.

ચેન્નાઈના બોલર્સે લાજવાબ પ્રદર્શન કર્યું હતું અને ૧૬૮ રનના લક્ષ્યાંકનો બચાવ કર્યો હતો. ચેન્નાઈએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતાં ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૬૭ રન નોંધાવ્યા હતા જેમાં શિવમ દૂબેએ સૌથી વધુ ૨૫ રન નોંધાવ્યા હતા. જેના જવાબમાં દિલ્હી કેપિટલ્સની ટીમ ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૪૦ રન નોંધાવી શકી હતી. હાલમાં પોઈન્ટ ટેબલમાં ચેન્નાઈ સુપર કિંગ્સ ૧૫ પોઈન્ટ સાથે ગુજરાત ટાઈટન્સ બાદ બીજા ક્રમે છે. જ્યારે દિલ્હી કેપિટલ્સ ટીમ સૌથી છેલ્લા ૧૦માં ક્રમે છે. દિલ્હી કેપિટલ્સ સામે ૧૬૮ રનનો લક્ષ્યાંક હતો પરંતુ ટીમની બેટિંગ ઘણી જ નિરાશાજનક રહી હતી. કેપ્ટન ડેવિડ વોર્નર ખાતું ખોલાવ્યા વગર આઉટ થયો હતો. જ્યારે મિચેલ માર્શ પાંચ રન નોંધાવીને રન આઉટ થયો હતો. ત્યારબાદ ટીમે નિયમિત અંતરે વિકેટો ગુમાવી હતી જેના કારણે ટીમ ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૪૦ રન નોંધાવી શકી હતી. ટીમ માટે સૌથી વધુ રન રિલી રોસોએ નોંધાવ્યા હતા. તેણે ૩૭ બોલમાં બે ચોગ્ગા અને એક સિક્સરની મદદથી ૩૫ રન નોંધાવ્યા હતા. જ્યારે મનીષ પાંડેએ ૨૯ બોલમાં એક ચોગ્ગા અને બે સિક્સરની મદદથી ૨૭ રનની ઈનિંગ્સ રમી હતી. જ્યારે અક્ષર પટેલે ૧૨ બોલમાં ૨૧ રન ફટકાર્યા હતા. ઓપનર ફિલિપ સોલ્ટે ૧૭, લલિત યાદવે ૧૨ અને રિપલ પટેલે ૧૦ રનનું યોગદાન આપ્યું હતું. ચેન્નાઈ માટે મથીશા પથિરાનાએ ચાર ઓવરમાં ૩૭ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી. દીપક ચહરે બે અને રવિન્દ્ર જાડેજાએ એક વિકેટ ઝડપી હતી. હોમગ્રાઉન્ડમાં રમાયેલી મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સે ટોસ જીતીને પ્રથમ બેટિંગનો નિર્ણય કર્યો હતો. જોકે ટીમની શરૂઆત ખરાબ રહી હતી, પરંતુ ટીમે ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૬૭ રનનો સ્કોર નોંધાવ્યો હતો. ટીમ માટે કોઈ એક બેટરે મોટી ઈનિંગ્સ રમી ન હતી પરંતુ તમામ બેટરે સાથે મળીને ટીમના સ્કોરને પડકારજનક બનાવ્યો હતો. ચેન્નાઈ માટે શિવમ દૂબેએ સૌથી વધુ ૨૫ રન નોંધાવ્યા હતા. તેણે ૧૨ બોલમાં ત્રણ સિક્સર ફટકારી હતી. જ્યારે ઓપનર ઋતુરાજ ગાયકવાડે ૨૪ રન નોંધાવ્યા હતા. અજિંક્ય રહાણેએ ૨૦, અંબાતી રાયડૂએ ૨૩, રવિન્દ્ર જાડેજાએ ૨૧ અને કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીએ નવ બોલમાં એક ચોગ્ગા અને બે સિક્સરની મદદથી ૨૦ રનનું યોગદાન આપ્યું હતું. દિલ્હી કેપિટલ્સ માટે મિચેલ માર્શે સૌથી વધારે ત્રણ વિકેટ ઝડપી હતી. તેણે ત્રણ ઓવરમાં ૧૮ રન આપીને ત્રણ સફળતા મેળવી હતી. જ્યારે અક્ષર પટેલને બે સફળતા મળી હતી. ખલીલ અહેમદ, લલિત યાદવ અને કુલદીપ યાદવે એક-એક વિકેટ ઝડપી હતી.

### પાંચ જજોની બંધારણીય બેન્ચે સુનાવણી કરી

# ઉદ્ધવ અને શિંદે જૂથનો વિવાદ સુપ્રીમની મોટી બેન્ચને સોંપાશે

## હવે બની શકે કે સાત જજોની બેન્ચ આ મામલે સુનાવણી કરી શકે છે, એટલે કે આ મામલો હાલ પૂરતો ટળી ગયો

મુંબઈ, તા.૧૧

મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરે અને શિન્દે જૂથ વચ્ચેના વિવાદ પર સુપ્રીમકોર્ટે સુનાવણી કરતાં હવે આ મામલે મોટી બેન્ચને સોંપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પાંચ જજોની બંધારણીય બેન્ચે આ મામલે સુનાવણી કરી હતી. હવે બની શકે કે સાત જજોની બેન્ચ આ મામલે સુનાવણી કરી શકે છે. એટલે કે હવે એમ કહી શકાય કે આ મામલો હાલ પૂરતો ટળી ગયો છે.મહારાષ્ટ્રમાં શિંદે જૂથે વર્ષ ૨૦૨૨માં બળવો કર્યા બાદ ઉદ્ધવ ઠાકરેની સરકાર પડી ગઈ હતી. મહારાષ્ટ્રમાં શિવસેનામાં ભંગાણ અને સરકાર બદલવા માટે ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદે દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓ પર સુપ્રીમની બંધારણીય બેંચે પોતાનો ચુકાદો સંભળાવ્યો હતો. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ એમઆર શાહ, કૃષ્ણ મુરારી, હિમા કોહલી અને પીએસ નરસિમ્હાની બેંચે આ ચુકાદાને સંભળાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ઉદ્ધવ કેમ્પે શિંદેના બળવા અને તેમની સરકારની રચનાને ગેરકાયદેસર ગણાવી હતી. આ રાજકીય ઉથલપાથલ બાદ સુપ્રીમ કોર્ટમાં એક પછી એક અનેક અરજીઓ દાખલ કરવામાં આવી હતી. શિંદે જૂથના ૧૬ ધારાસભ્યોએ સભ્યપદ રદ કરવાના આદેશ સામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી, જ્યારે શિંદેને મુખ્યમંત્રી બનવા માટે આમંત્રિત કરવાના રાજ્યપાલના નિર્ણય સામે ઉદ્ધવ જૂથે ડેપ્યુટી સ્પીકર સામે અવિશ્વાસની દરખાસ્ત સામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. એકનાથ શિંદે શિવસેનાના ૧૬ ધારાસભ્યો સાથે ગયા વર્ષે જૂન મહિનામાં પહેલા સુરત ગયા અને બાદમાં ગુવાહાટીમાં રોકાયા હતા. ઉદ્ધવે શિંદેને પાછા આવીને બેસીને વાત કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. જો કે શિંદેએ તે પ્રસ્તાવનો સ્વીકાર કર્યો ન હતો અને ભાજપ સાથે મળીને મહારાષ્ટ્રમાં સરકાર બનાવી હતી. રાજ્યપાલે શિંદે-ભાજપ ગઠબંધન સરકારને માન્યતા આપીને શપથ લેવડાવ્યા હતા. ઠાકરે જૂથે એકનાથ શિંદે અને તેમના ૧૫ ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. આ મામલો જ્યારે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો ત્યારે તેને બંધારણીય બેંચમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. બેંચમાં ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ એમઆર શાહ, જસ્ટિસ કૃષ્ણ મુરારી, જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ પીએસ નરસિમ્હાનો સમાવેશ થાય છે.

### કૈલાસ માનસરોવર યાત્રા વધુ મુશ્કેલ બની

# કૈલાસ માનસરોવર યાત્રા માટે ભારતીયોએ ૧.૮૫ લાખ ખર્ચવા પડશે

## યાત્રિકોની ઓનલાઈન વિઝા અરજી સ્વિકારવામાં ન આવે તો અરજદારે વ્યક્તિગત ચીનના દૂતાવાસ જવું પડશે

નવી દિલ્હી, તા.૧૧

ભારતીય યાત્રાળુઓને કૈલાસ માન સરોવર માટે આકરા નિયમોનો સામનો કરવો પડશે. હવે આ યાત્રા માટે ભારતીય નાગરિકોએ મુસાફરી માટે ઓછામાં ઓછા ૧.૮૫ લાખ રૂપિયા ખર્ચ કરવા પડશે. આ યાત્રા માટે યાત્રાળુઓએ વિઝા લેવા માટે વ્યક્તિગત રીતે હાજર રહેવુ પડશે. આ ઉપરાંત યોત્રિકોની ઓનલાઈન વિઝા અરજી સ્વિકારવામાં નહીં આવે તો ચીનના દૂતાવાસ જઈ વિઝા લેવા પડશે. જો યાત્રિકો તેની મદદ માટે નેપાળથી કોઈ કાર્યકર અથવા મદદગાર રાખશે તો ૩૦૦ ડોલર એટલે કે ૨૪ હજાર રૂપિયા વધારાની ફી ચૂકવવી પડશે. આ ફીને 'ગ્રાસ ડેમેજિંગ ફી' કહેવામાં આવે છે. ચીનની દલીલ છે કે પ્રવાસ દરમિયાન કૈલાશ પર્વતની આસપાસના ઘાસને નુકસાન થાય છે જે પ્રવાસી પાસેથી ભરપાઈ કરવામાં આવશે. વિઝા મેળવવા માટે યાત્રાળુઓએ શારીરિક રીતે હાજર રહેવું પડશે.

યાત્રા માટે કાઠમંડુ અથવા અન્ય આધાર શિબિરમાં બાયોમેટ્રિક ઓળખ પ્રક્રિયામાંથી પસાર થવું પડશે. હવે વિઝા મેળવવા માટે ઓછામાં ઓછા ૫ લોકોનું ગ્રુપ હોવું જરૂરી છે. તેમાંથી ચાર લોકોએ ફરજિયાતપણે વિઝા માટે જાતે પહોંચવું પડશે. એક કાર્યકરને તમારી સાથે રાખવા માટે ૧૫ દિવસ માટે ૧૩ હજાર મુસાફરીની ફી પણ લેવામાં આવશે. અગાઉ તે માત્ર ૪,૨૦૦ રુપિયા હતી. આ પ્રવાસનું સંચાલન કરતી નેપાળી કંપનીઓએ ચીનની સરકાર પાસે ૬૦ હજાર ડોલર જમા કરાવવાના રહેશે. આ સાથે સમસ્યા એ છે કે નેપાળી ટ્રાવેલ એજન્સીઓને વિદેશી બેંકોમાં પૈસા જમા કરાવવાની મંજૂરી નથી.

આવી સ્થિતિમાં આ ફી કેવી રીતે ટ્રાન્સફર કરવામાં આવશે તે અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. કૈલાસ માનસરોવર યાત્રા ૩ અલગ-અલગ હાઈવેથી કરવામાં આવે છે. પ્રથમ- લિપુલેખ પાસ, બીજો- નાથુ પાસ અને ત્રીજો- કાઠમંડુ પાસે કરવામાં આવે છે. આ ત્રણ રૂટ ઓછામાં ઓછા ૧૪ અને વધુમાં વધુ ૨૧ દિવસનો લાગે છે. વર્ષ ૨૦૧૯માં ૩૧ હજાર જેટલા ભારતીયો આ યાત્રા પર ગયા હતા. આ યાત્રા વર્ષ ૨૦૧૯થી બંધ હતી.

### સ્થાનિક શેરબજારો મામૂલી ઘટાડા સાથે બંધ

# સેન્સેક્સમાં ૩૬, નિફ્ટીમાં ૧૮ પોઈન્ટનો ઘટાડો નોંધાયો

## ભારતી એરટેલ, રિલાયન્સઈન્ડસ્ટ્રીઝ, ટાટાસ્ટીલ, ઈન્ફોસિસ, ટેક મહિન્દ્રા અને ટીસીએસના શેર લાલ નિશાન સાથે બંધ

મુંબઈ, તા.૧૧

ગુરુવારે સ્થાનિક શેરબજારો મામૂલી ઘટાડા સાથે બંધ થયા છે. બીએસઈનો ૩૦ શેરવાળો સંવેદનશીલ ઈન્ડેક્સ સેન્સેક્સ (બીએસઈસેન્સેક્સ) ૩૫.૬૮ પોઈન્ટ અથવા ૦.૦૬ ટકા ઘટીને ૬૧,૯૦૪.૫૨ પોઈન્ટ પર બંધ થયો છે. એનએસઈનિફ્ટી ૧૮.૧૦ પોઈન્ટ અથવા ૦.૧૦ ટકાના ઘટાડા સાથે ૧૮,૨૯૭ પોઈન્ટ પર બંધ થયો હતો. અદાણી એન્ટર પ્રાઈઝિસનો શેર નિફ્ટીમાં પાંચ ટકાના ઉછાળા સાથે બંધ થયો હતો. તે જ સમયે, ડૉક્ટર રેડ્ડીઝનો શેર મહત્તમ ૬.૯૩ ટકાના નુકસાન સાથે બંધ થયો હતો. ગુરુવારે, બીએસઈસેન્સેક્સ પર એશિયન પેઈન્ટ્સના શેર સૌથી વધુ ૩.૨૨ ટકાના વધારા સાથે બંધ થયા હતા. હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડ (એચયુએલ) નો શેર ૨.૭૬ ટકાના વધારા સાથે બંધ થયો હતો. એનટીપીસી, ઈન્ડસઈન્ડબેંક અને અલ્ટ્રાટેક સિમેન્ટના શેર એક ટકાથી વધુના ઉછાળા સાથે બંધ થયા હતા.

આ સિવાય મારુતિ, સન ફાર્મા, એક્સિસ બેંક, એચસીએલ ટેક, બજાજ ફિનસર્વ, એચડીએફ સી, ટાઈટન, ટાટા મોટર્સ, પાવરગ્રીડ, આઈસીઆઈ સીઆઈ બેંક અને વિપ્રોના બજાજ ફાઈનાન્સ શેર લીલા નિશાન સાથે બંધ થયા હતા.બીએસઈસેન્સેક્સ પર લાર્સન એન્ડ ટુબ્રો (એલએન્ડટી)ના શેર સૌથી વધુ ૫.૨૯ ટકા ઘટીને બંધ થયા હતા. તેવી જ રીતે આઈટીસીમાં ૧.૧૯ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. આ સિવાય ભારતી એરટેલ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ટાટા સ્ટીલ, ઈન્ફોસિસ, ટેક મહિન્દ્રા અને ટીસીએસના શેર લાલ નિશાન સાથે બંધ થયા હતા.

### ટ્રાન્સફર-પોસ્ટિંગની સત્તા દિલ્હી સરકારને આધિન

# સુપ્રીમના નિર્ણયથી લોકશાહીનો વિજય થયો છે: કેજરીવાલ

## સુપ્રીમના આ નિર્ણય બાદ કેજરીવાલ સરકાર વધુ મજબૂત બની : કેજરીવાલે સચિવાલયમાં મંત્રીઓની બેઠક બોલાવી

નવી દિલ્હી, તા.૧૧

ટ્રાન્સફર પોસ્ટિંગની સત્તા દિલ્હી સરકારને આધીન કરવાના સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ આજે આમ આદમી પાર્ટીની દિલ્હી સરકારને નવું જીવન મળ્યું છે. સુપ્રીમ કોર્ટના આ નિર્ણય બાદ કેજરીવાલ સરકાર વધુ મજબૂત બની છે. આ નિર્ણય આવતા જ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સચિવાલયમાં મંત્રીઓ ની બેઠક બોલાવી હતી. સુપ્રીમ કોર્ટના નિર્ણયથી કેજરીવાલ ખૂબ જ ખુશ છે. તેમણે ટ્વિટ કરીને લોકોને અભિનંદન પાઠવ્યા છે અને કહ્યું છે કે, તેઓ દિલ્હીના લોકો સાથે ન્યાય કરવા માટે સુપ્રીમ કોર્ટનો હૃદયપૂર્વક આભાર માને છે. આ નિર્ણયથી દિલ્હીના વિકાસની ગતિ અનેક ગણી વધી જશે. સાથે તેમણે એમ પણ કહ્યું હતું કે, આ એક લોકશાહીની જીત થઈ છે.

### કાશ્મીરમાં આંતરરાષ્ટ્રીય સ્તરની જી-૨૦ સમિટ

# જી૨૦ સમિટ માટે કાશ્મીરના કેટલાક જિલ્લાની શાળા ૨૫ મે સુધી બંધ

## શાળાઓમાં ઓનલાઈન વર્ગો ચાલશે, જી-૨૦ સભ્ય દેશોના પ્રવાસન કાર્યકારી જૂથની સમિટ ૨૨થી ૨૪ મેએ

નવી દિલ્હી, તા.૧૧

કેન્દ્ર અને રાજ્ય સરકારે જમ્મુ અને કાશ્મીરમાં કલમ ૩૭૦ હટાવ્યા બાદ પ્રથમ વખત શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાનારી સૌથી મોટી આંતરરાષ્ટ્રીય સ્તરની જી-૨૦ સમિટ માટે તેમની સંપૂર્ણ તાકાત લગાવી દીધી છે. આતંકવાદી ખતરાને ધ્યાનમાં રાખીને માત્ર કાશ્મીરમાં જ નહીં પણ જમ્મુમાં પણ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે.

જમ્મુ અને કાશ્મીરમાં યોજાનારી જી-૨૦ સમિટ માટે સરકારે એક મોટા નિર્ણયમાં કઠુઆ, જમ્મુ, રાજૌરી અને પૂંચમાં આર્મી પબ્લિક સ્કૂલોને ૨૫ મે સુધી બંધ કરવાનો આદેશ કર્યો છે. આ શાળાઓમાં ઓનલાઈન વર્ગો ચાલશે. આ ઉપરાંત પુંછ અને રાજૌરીમાં તાજેતરના આતંકવાદી હુમલાઓ બાદ કોઈ માહિતીને હળવાશથી લેવામાં આવી રહી નથી. સુરક્ષા દળોએ ગઈકાલે પૂંચના જૂના વિસ્તાર અને રાજૌરીના બથુનીમાં શંકાસ્પદને જોવામાં આવ્યા બાદ એક વિશાળ સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. જોકે કોઈની ધરપકડ કરવામાં આવી નથી. જી-૨૦ સભ્ય દેશોના પ્રવાસન કાર્યકારી જૂથની સમિટ ૨૨થી ૨૪ મે દરમિયાન શ્રીનગરમાં દાલ તળાવના કિનારે સ્થિત શેરે કાશ્મીર ઈન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટર ખાતે યોજાઈ રહી છે.

જમ્મુ અને કાશ્મીરમાં જી-૨૦ સમિટ અને વિદેશી મહેમાનોની સુરક્ષા માટે ઉધમપુરમાં લગભગ ૬૦૦ પોલીસકર્મીઓને ખાસ તાલીમ આપવામાં આવી રહી છે. આ જવાનો સાદા યુનિફોર્મમાં મહેમાનોની આસપાસ તૈનાત રહેશે. આ ઉપરાંત અન્ય સુરક્ષા દળો ઉપરાંત દ્રજીજીકમાન્ડો અને નેવીના માર્કોસસ્ક્વોડ પણ તૈનાત રહેશે.

જમ્મુ-શ્રીનગર હાઈવે, જમ્મુ-પૂંચ હાઈવે પર પણ કડક સુરક્ષા રાખવામાં આવી રહી છે. શ્રીનગર અને જમ્મુ શહેરમાં વધારાના દળો પણ તૈનાત કરવામાં આવ્યા છે. જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદીઓની ઘૂસણખોરીની શક્યતાને ધ્યાનમાં રાખીને નિયંત્રણ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ પર પણ ચૂસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

### ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા પર સુપ્રીમની સ્પષ્ટતા

# સુપ્રીમના નિર્ણયથી મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન શિંદે-ફડણવીસ ખુશ

## મહાવિકાસ અઘાડીની આશાઓ પર પાણી ફરી વળ્યું ઉદ્ધવ ઠાકરે ફરીથી મુખ્યમંત્રી બની શકશે નહીઃ ફડણવીસ

નવી દિલ્હી, તા.૧૧

સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્રની એકનાથ શિંદે સરકારને લઈને કેટલીક ટિપ્પણીઓ કરી હતી. છતાં પણ સીએમ એકનાથ શિંદે અને ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસે આ નિર્ણય પર ખુશી વ્યકત કરી છે. દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, અમે સુપ્રીમ કોર્ટના નિર્ણય સાથે સહમત છીએ. આ નિર્ણયથી લોકશાહીની જીત થઈ છે. તેમણે કહ્યું કે, પહેલી વાત એ છે કે સર્વોચ્ચ અદાલતે મહાવિકાસ અઘાડીની આશાઓ પર પાણી ફરી વળ્યું છે. ઉદ્ધવ ઠાકરે ફરીથી મુખ્યમંત્રી બની શકશે નહીં. કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું છે કે ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાની સત્તા સ્પીકર પાસે છે અને તે નિર્ણય લેશે. ઉપરાંત તેમને કહ્યું કે, ચૂંટણી પંચને શિવસેના અંગે નિર્ણય લેવાની સંપૂર્ણ સત્તા છે.

ડેપ્યુટી સીએમએ કહ્યું કે, વિધાનસભામાં પાર્ટીના કયા જૂથને માન્યતા આપવી તે અંગેનો નિર્ણય પણ સ્પીકરના હાથમાં છોડી દેવામાં આવ્યો છે. ભાજપના નેતાએ કહ્યું કે કોર્ટના નિર્ણયથી સ્પષ્ટ થાય છે કે અમારી સરકાર સ્થિર છે અને સંપૂર્ણપણે કાયદાના દાયરામાં છે. એટલું જ નહીં, ફડણવીસે નૈતિકતાના આધારે ઉદ્ધવ ઠાકરેના રાજીનામા પર પણ પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું કે, ઉદ્ધવ ઠાકરે તો નૈતિકતાની વાત ના કરે તો જ સારું છે. તેઓ પાર્ટીના સિદ્ધાંતો સાથે સમાધાન કરીને ગયા, જ્યારે એકનાથ શિંદેએ માત્ર સિદ્ધાંતોને ખાતર અમારી સાથે સરકાર બનાવી.

ઉદ્ધવ ઠાકરે જાણતા હતા કે તેઓ ફ્લોર ટેસ્ટમાં હારી જવાના છે. જેના કારણે તેમણે પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું. ફડણવીસે કહ્યું કે, ઉદ્ધવ ઠાકરે ભાજપ સાથે ચૂંટણી જીત્યા હતા, પરંતુ મુખ્યમંત્રી બનવાના લોભમાં કોંગ્રેસ અને એનસીપી સાથે ગયા હતા. સિદ્ધાંતો સાથે આ સૌથી મોટું સમાધાન હતું.

### માત્ર એપ્રિલ મહિનામાં જ ૨૫ કરોડથી વધુની વીજ ચોરી ઝડપાઈ

# સૌરાષ્ટ્ર કચ્છમાંથી એક અઠવાડિયામાં છ કરોડથી વધુની વીજ ચોરી ઝડપાઈ

## સૌરાષ્ટ્ર કચ્છમાં કુલ ૬૯૪૪૩૮ વીજ કનેક્શન ચેક કરવામાં આવ્યા હતા જેમાંથી ૮૪૧૪૩ વીજ કનેક્શનમાંથી વીજ ચોરી ઝડપાઈ હતી

રાજકોટ, તા.૧૧

સૌરાષ્ટ્ર કચ્છમાંથી ઝડપાય છે માત્ર એક જ અઠવાડિયામાં કરોડો રૂપિયાની વીજ ચોરી ઝડપાય છે. માત્ર એક જ વર્ષમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાંથી એટલા રૂપિયાની બીજી ચોરી ઝડપાય છે કે એટલા રૂપિયામાં તો નગરપાલિકા પોતાનું વાર્ષિક બજેટ આવી જાય. વીજ ચોરી કરનારાઓએ કેટલીક જગ્યાએ વિજ ચોરી કરવા માટે અવનવી તરકીબો અજમાવી કે જેને જોઈને સૌ કોઈ દંગ રહી જાય.

સૌરાષ્ટ્ર કચ્છમાંથી એક અઠવાડિયામાં છ કરોડથી વધુની વીજ ચોરી ઝડપાઈ છે, તેમજ માત્ર એપ્રિલ મહિનામાં જ ૨૫ કરોડથી વધુની વીજ ચોરી ઝડપાઈ છે. તો એક જ વર્ષમાં ૨૧૮ કરોડ રૂપિયાની અધધ વીજ ચોરી ઝડપી પાડી છે. એક વર્ષમાં સૌરાષ્ટ્ર કચ્છમાં કચ્છમાં કુલ ૬૯૪૪૩૮ વીજ કનેક્શન ચેક કરવામાં આવ્યા હતા. જેમાંથી ૮૪૧૪૩ વીજ કનેક્શનમાંથી વીજ ચોરી ઝડપાઈ હતી. ૫૦૦થી વધુ ટીમ દ્વારા આવી જ ચોરી ડામવા માટે અલગ અલગ જગ્યાએ ચેકિંગ કરવામાં આવ્યું હતું.

નાણાકીય વર્ષ ૨૦૨૨ - ૨૦૨૩ દરમિયાન આવી જ ચોરી ઝડપી પાડવામાં આવી હતી. યુજીવીસીએલ ટીમના નેતૃત્વમાં પશ્ચિમ ગુજરાત વીજ કંપની દ્વારા અધિકારીઓ તેમજ કર્મચારીઓની બનાવેલી ટીમ ચેકિંગમાં જતી જોકે આ ચેકિંગ દરમિયાન વીજ ચોરી કરવાની અવનવી તકનીકો પણ સામે આવી હતી.

વીજ ચોરી કરનારા શકશો. ગ્રામ્ય વિસ્તારોમા મુખ્ય વીજ કનેક્શનમાંથી ડાયરેક્ટ ચોરી કરતા તો કેટલાક શકશો વીજ મીટરના મુખ્ય સિલમાં છેડછાડ કરી વીજ ચોરી કરતા કેટલાક તો આખો મીટર જ બાળી નાખી વીજ ચોરીને અંજામ આપતા હોવાનું સામે આવ્યું હતું.

વીજ ચોરી કરવી એ આમ તો ગુનો છે. જોકે સૌરાષ્ટ્ર કચ્છમાં આ ગુનો કરવો એ જાણે બહદુરીનું પ્રતીક હોય તેમ કેટલાક વીજચોરો બહાદુરી પૂર્વ વીજ ચોરી કરી રહ્યા છે. તો કેટલાક વીજ ચોરો પોતાની બુદ્ધિશક્તિનું પ્રદર્શન સમજી અવનવી ચાલાકી સાથે વીજ ચોરી કરતા હોય છે. સૌરાષ્ટ્ર કચ્છમાં એક વર્ષમાં એટલી વીજ ચોરી ઝડપાઈ કે જેમાં એક નગરપાલિકાના બજેટ નીકળી જાય.

સૌરાષ્ટ્રના અલગ અલગ શહેર અને જિલ્લાની વાત કરવામાં આવે તો રાજકોટમાં ૨૦૧૩.૧૬ રૂપિયાની વીજ ચોરી ઝડપાઈ, રાજકોટ ગ્રામ્યમાં ૨૩૩૩.૪૬ રૂપિયાની વીજ ચોરી ઝડપાઈ, મોરબીમાં ૧૫૨૬.૦૧ રૂપિયાની વીજ ચોરી ઝડપાઈ, પોરબંદરમાં ૧૬૨૫.૭૩ રૂપિયાની વીજ ચોરી ઝડપાઈ, જામનગરમાં ૨૫૬૫.૭૯ રૂપિયાની વીજ ચોરી ઝડપાઈ,ભુજમાં ૮૨૧.૫૫ રૂપિયાની વીજ ચોરી ઝડપાઈ, અંજારમાં ૧૫૮૫.૩૭ રૂપિયાની વીજ ચોરી ઝડપાઈ, જુનાગઢમાં ૧૫૧૩.૯૪ રૂપિયાની વીજ ચોરી ઝડપાઈ, અમરેલી ૧૮૯૯.૩૯ રૂપિયાની વીજ ચોરી ઝડપાઈ બોટાદમાં ૧૦૧૩.૦૦ રૂપિયાની વીજ ચોરી ઝડપાઈ, ભાવનગરમાં ૨૯૫૭.૭૩ રૂપિયાની વીજ ચોરી ઝડપાઈ, સુરેન્દ્રનગરમાં ૧૯૯૦.૩૭ રૂપિયાની વીજ ચોરી ઝડપાઈ આમ સૌરાષ્ટ્ર કચ્છમાંથી કુલ ૨૧૮૪૫.૪૭ રૂપિયાની વિજ ચોરી ઝડપાય છે.

હવે રાધિકા હોસ્પિટલમાં વાહન અકસ્માત (એક્સિડન્ટ) થયેલ ફ્રેકચરોનાં ઓપરેશનો તદ્દન મફતમાં...
ઓર્થોપેડીક વિભાગ મુખ્યમંત્રી માં અમૃતમ (વાત્સલ્ય) કાર્ડ તથા પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત કાર્ડમાં હવે ઘુંટણ, થાપા અને ખંભાના ઘસારા માટે જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીનાં ઓપરેશન તદ્દન મફતમાં
ડૉ. અંકિત ગાબાણી
એમ.એસ.(ઓર્થો). એમ.બી.ડી. (ઓર્થો)
કન્સલ્ટન્ટ ઓર્થોપેડીક,
જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ સ્પાઈન સર્જન
ટ્રોમા કેર
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી
સ્પાઈન સર્જરી
ઈલીઝારોવ સર્જરી
ઓર્થોસ્કોપી
- દરેક પ્રકારનાં હાડકાનાં ફ્રેકચરની અદ્યતન સારવાર - ઘુંટણ, થાપા અને ખંભાના ઘસારા માટે જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી (TKR,THR,TRR) - કમરનાં મણકાની ગાદીનાં દુખાવા, કમરનાં મણકાનાં ફ્રેકચરના ઓપરેશન
- હાડકાની રસી તથા ટુંકા પગ લાંબા કરવા માટે રશીયન ટેકનોલોજીથી ઈલીઝારોવ ઓપરેશન - ઘુંટણ અને ખભાની ગાદીનાં ઓપરેશન - જન્મજાત ખોડખાપણવાળા બાળકોના ઓપરેશન.
ઈમર્જન્સી સારવાર ૨૪ કલાક | નિદાન ફી માત્ર રૂા.૫૦/-
પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત યોજનાના કાર્ડ ધારકોને મફત ઓપરેશન
NCT NETRA CHIKITSA TRUST
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
રાધિકા મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ)
ચિતલ રોડ, દત મંદિર પાસે, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪

## તાપમાનનો પારો ૪૪ ડીગ્રી આસપાસ હોવાથી અગનવર્ષાનો માહોલ જોવા મળી રહ્યો છે

# અમરેલી જિલ્લામાં સૂર્યનારાયણ કાળઝાળ બન્યા

**સવારનાં ૧૧થી બપોરનાં ૪ વાગ્યા સુધી ઘરની બહાર નીકળવું સૌ માટે મુશ્કેલ**

**પશુ, પક્ષીઓ પણ સલામત સ્થળે બેસીને સાંજ પડે તેની રાહ જોતા હોય છે**

**અસહ્ય ગરમી વચ્ચે પીવાના પાણીની માંગમાં પણ વધારો થતાં જવાબદાર વિભાગ એલર્ટ**

**મહિ પરિએજ યોજનાનાં કારણે પીવાનાં પાણી સમસ્યા વિકરાળ બનતી ન હોય કુદરતની કૃપા**







અમરેલી, તા. ૧૧
બંગાળની ખાડીમાં ઉત્પન્ન થયેલ મોચા વાવાઝોડાની કોઈ અસર ગુજરાતમાં ભલે ન થાય પરંતુ ગુજરાત પરથી વાદળો વિખરાતાં વાતાવરણ પલટાતાં તાપમાનનો પારો સડેડાટ ઊંચે ચડવા લાગ્યો અને અમરેલી જિલ્લો ગરમીની ભઠ્ઠીની આગમાં શેકાયો. બપોરના બે પછી કર્ફ્યુ જેવું વાતાવરણ સર્જાયું. મોટાભાગનાં દુકાનદારો પણ દુકાનો બંધ કરીને ઘરે આરામ કરવા પહોંચી ગયા. રોડ રસ્તા જાણે આ બળ બળતી ગરમીમાં બપોરે સુમસામ જોવા મળ્યાં. છેલ્લા ચારેક દિવસથી ગરમીનો પારો દિનપ્રતિદિન ઊંચે ચડતો જોવા મળ્યો. આવી કાળઝાળ ગરમીમાં લોકો પણ ખૂબ જરૂરી હોય તો જ કોઈ

અનુસંધાન પાના ૬ ઉપર

## ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટના જજ આર.ટી. વચ્છાણીએ કર્યો આદેશ

# અમરેલીમાં ગૌ–વંશની કત્લ કરનાર એક આરોપીને ૧૦ વર્ષની સજા તેમજ એક લાખનો દંડ

**સરકાર તરફે સ્પેશ્યલ પી.પી. તરીકે એડવોકેટ ચંદ્રેશભાઈ મહેતાની દલીલો સફળ રહી**

અમરેલી, તા. ૧૧
અમરેલીમાં ગૌવંશની કત્લ કરનાર આરોપીઓને ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટના જજ આર.ટી. વચ્છાણીએ સરકારી પક્ષના સ્પેશ્યલ એડવોકેટ ચંદ્રેશ મહેતાની દલીલોનાં આધારે આરોપીને ૧૦ વર્ષની સજા અને રૂપિયા એક લાખના દંડની સજાનો હુકમ કરતાં ચકચાર મચી છે.

આ બનાવની વિગત એવા પ્રકારની છે કે, તા. ૨૦/૧૨/૨૦૨૦નાં રોજ અમરેલી શહેરમાં ગાય એ હિન્દુ ધર્મનું પવિત્ર પ્રતિક માનવામાં આવે છે તેને પોતાના આર્થિક ફાયદા માટે ઈરાદાપૂર્વક ગૌવંશ વાછરડાનું કત્લ કરનાર આ કામના આરોપીઓ રફીક ઉર્ફે શેટ્ટી આદમભાઈ કાલવા તથા ફરીદ ભવાનભાઈ રઈશએ તેમના હવાલાવાળી મહિન્દ્રા માર્શલ ગાડીમાં લઈ જતા હોય, જે બાબતની બાતમી મળતા અમરેલી સીટીનાં પોલીસ અધિકારીઓએ આ આરોપીઓની ઘરે રેઈડ પાડતા બંને આરોપીઓના ઘરેથી ગૌમાસ મળી આવતા બંને આરોપીઓ રંગે હાથ ઝડપાયા હતા અને આ કામના બંને આરોપીઓ વિરૂધ્ધ ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ (સુધારા


એડવોકેટ : ચંદ્રેશભાઈ મહેતા

અધિનિયમ–૨૦૧૭)ની કલમ ૫ (૧–ક), ૬(એ)(૧) (૩) (૪), ૬ (બી), ૮, ૧૦ તથા પશુ તરફ ઘાતકી વર્તન અટકાવવા માટેનો કાયદો ૧૯૬૦ની કલમ ૧૧(૧)(એ)(એલ) તથા આઈપીસી કલમ–૨૬૮, ૨૯૫, ૪૨૯, ૧૨૦(બી) તથા જી.પી. એકટની કલમ–૧૧૯ મુજબની ચાર્જશીટ કરવામાં આવેલી.

આ બનાવમાં હિન્દુઓની લાગણી દુભાય તેવી હોય જેથી સરકારે બનાવની ગંભીરતાને ધ્યાને લઈ ગૌવંશ

અનુસંધાન પાના ૬ ઉપર

# ઉધારીનો ધંધો એટલે ખોટનો વેપાર..!!



સાવરકુંડલામાં શિવાજીનગર વિસ્તારમાં રહેતા અને પોતાના બાઈક ઉપર હરતી ફરતી દુકાન ચલાવતા ગઢીયા મહેન્દ્ર ધીરૂભાઈ સગર શહેરની તમામ સોસાયટીઓનું એક વિકનું ટાઈમ ટેબલ બનાવી જુદાજુદા વાર પ્રમાણે ફર્યા કરે છે. પણ ઉધારીથી કંટાળીને એક સૂચનાનું બેનર જ બનાવી નાંખ્યું, કોઈ અગાઉ બાકી રખાવી ગયું હોય અને ચૂકવ્યા પહેલા ખરીદી કરવા આવે એટલે બોર્ડ જ બતાવવાનું... જુની રકમ ચૂકવી પછી જ નવો માલ લેવો. હરતી ફરતી આ મોબાઈલ શોપ એટલે ડીમોલિશનનો પણ ડર નહિ. વળી બાઈકમાં રાત્રે ટયુબલાઈટ અને પબ્લિક એડ્રેસ સિસ્ટમ પણ લગાવેલ છે. આ આઈડિયા અજમાવવા જેવો ખરો.

## આરોગ્ય વિભાગનાં ટોબેકો કંટ્રોલ ફોર્સ દ્વારા

# કુંકાવવા ખાતે તમાકુ વિરોધી ઝુંબેશમાં ૧૭ દુકાનધારકો સામે કાર્યવાહી

**રૂપિયા ૩૪૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો**

કુંકાવાવ, તા. ૧૧
તમાકુ નિયંત્રણ અધિનિયમ ૨૦૦૩ (કોટપા ૨૦૦૩) કાયદાની અમલવારી, દંડ અને વસુલાત અંગે સામાજીક જનજાગૃતિ માટે જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ અને કુંકાવાવ તાલુકા હેલ્થ ઓફિસ દ્વારા શહેરના જાહેર માર્ગો પર કામગીરી હાથ ધરી દંડ વસુલાયો. જેમાં તમાકુની બનાવટો વેચતી દુકાનોમાં ચેકીંગ હાથ ધરી કાયદાનો ભંગ કરનાર ૧૭ દુકાન ધારકોને કલમ–૬ હેઠળ ટોટલ્ ૩૪૦૦ દંડની વસૂલાત કરવામાં આવેલ.

શાળાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુનું વેચાણ કરતા એકમો, લારી–ગલ્લાઓ ઉપર ૧૮ વર્ષથી નાની વયના બાળકોને તમાકુ વેચવું દંડનીય અપરાધ છે તથા તમાકુથી કેન્સર થાય છે તેવા આરોગ્ય

અનુસંધાન પાના ૬ ઉપર


તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

## શહેરમાં સેંકડો સ્થળોએ ગેરકાયદેસર રીતે પાકી દુકાનો ખડકી દેવામાં આવી છે

# અમરેલીમાં કાચા દબાણોની સાથે પાકા દબાણોને પણ દૂર કરવા કલેકટર સમક્ષ ''આપ''ની માંગ

**ગરીબોને ધોકો અને તવંગરોને મલાઈ એવી બેધારી નીતિ યોગ્ય નથી**

અમરેલી, તા. ૧૧
અમરેલી જિલ્લા આમ આદમી પાર્ટીના પ્રમુખ નિકુંજ સાવલિયાએ કલેકટરને આવેદનપત્ર પાઠવીને શહેરમાં કાચા દબાણની સાથે

અનુસંધાન પાના ૬ ઉપર

## વિદ્યાર્થીઓની પરેશાની દૂર કરવા માંગ

# અમરેલી ખાતે આવેલ બિન અનામત વિકાસ નિગમનાં અધિકારીની જગ્યા ખાલી

**ઉચ્ચકક્ષાએથી યોગ્ય કાર્યવાહી થાય તે જરૂરી**

અમરેલી, તા. ૧૧
અમરેલી ખાતે આવેલ બિન અનામત વિકાસ નિગમનાં અધિકારીની જગ્યા એક મહિનાથી ખાલી હોવાથી વિદ્યાર્થીઓ, ખેડૂતોને પ્રમાણપત્ર મેળવવામાં ધકકા થઈ રહ્યા હોય ઉચ્ચકક્ષાએથી અધિકારીની ખાલી જગ્યા ભરવામાં આવે તેવી માંગ ઉભી થઈ રહી છે.

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
પરિસ્થિતિ આપણને સાચવી લે તે
આપણું નસીબ પરિસ્થિતિને
આપણે સાચવી લઈએ તે આપણી સમજણ.
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)